પુષ્ટિ અસ્મિતા જાગૃતિ અભિયાન



અધરામૃતની મહાપ્રસાદી પાતલ



સંકલન-૩

પ્રેષક:

શ્રીવલ્લભ વિઠ્ઠલ સિદ્ધાંત જીજ્ઞાસુ મંડળ
C/o. ચિરાગ લેબોરેટરી, શુભ-લક્ષ્મી શોપીંગ સેન્ટર
સ્ટેશન રોડ, આણંદ ૩૮૮ ૦૦૧
સંપર્ક: (બપોરના ૨-૦૦ થી રાતના ૧૦-૩૦)
૦૨૬૯૨ ૨૫૪૦૪૬, ૯૮૨૫૮ ૯૮૭૨૦

શ્રીના અસીમ કૃપા પાત્ર વૈષ્ણવો,

આવી રહેલા નવા વર્ષના, સહુને સદૈન્ય **નુતન વર્ષાભિનંદન** **પુષ્ટિ-સિદ્ધાંતોની દીપમાલિકા** ના પ્રકાશમાં પુષ્ટિ અસ્મિતા વર્ધક વચનામૃતોનું અવગાહન કરીને સમજીએ અને.................☞

જલાર્થમેવ ગર્તાસ્તુ નીચા ગાનોપજીવિન ॥

ભાવાર્થ : ભગવદ્ ગુણગાન (કીર્તન, ઢાઢીલીલા, કથા-સત્સંગ) કરીને આજીવિકા કરવાવાળા (પૈસા લેનારા) નીચ પુરુષોનો ભાવ એઠવાડના પાણી જેવો હોય છે. (તેવાઓના મોઢેથી ભગવદ્ગુણગાન સાંભળવું એ એઠવાડનું પાણી પીધા બરાબર છે.

(શ્રી મહાપ્રભુજી 'જલભેદ' ગ્રંથ)

અથવા સર્વદા શાસ્ત્રં શ્રી ભાગવતમ્ આદરાત્ ।
પઠનીયં પ્રયત્નેન સર્વહેતુ વિવર્જિતમ્ ॥
વૃત્યર્થનૈવ યુંજીતે પ્રાણૈઃ કંઠગતૈરપિ ।

અથવા પોતાના ઘરમાં શ્રી કૃષ્ણની (સર્વસમર્પણપૂર્વકની) સેવા પણ ન નભી શકે અને તીર્થાટન પણ ન થઈ શકે તો નિરંતર આદરપૂર્વક શ્રીભાગવતનો પાઠ કરવો. પરંતુ શ્રી ભાગવતના પાઠ સાથે અન્ય કોઈ હેતુ જોડાય ન જાય તે વાતની અત્યંત સાવધાની રાખવી. તેમાં આજીવિકાના હેતુથી (પૈસા લઈને) તો પ્રાણ ગળા સુધી આવીને અટક્યા હોય તો પણ ભાગવત કથાથી પોતાનો નિર્વાહ ન ચલાવવો.

(સર્વનિ.સા.પ્ર. શ્રી મહાપ્રભુજી)

પોતાના સેવ્ય-સ્વરૂપની સેવા પોતે જાતે જ કરવી. અને ઉત્સવ વગેરે સમયાનુસાર, પોતાના સામર્થ્ય (શરીરનું, દ્રવ્યનું, સમયનું, આચારનું વિ.) મુજબ કરવા. વસ્ત્રાભુષણ અનેક પ્રકારના મનોરથ કરી સામગ્રી કરવી. (શ્રી ગોકુલનાથજી : ૨૪ વચનામૃત.)

"અત્ર ગૃહસ્થાનંવિધાનેન, સ્વગૃહાધિષ્ઠિત-સ્વરૂપ-ભજન-પરિત્યાગેન અન્યત્ર તત્કરણે ભક્તિઃ ન ભવતિ ઈતિ સૂચિતં ભવતિ"

એટલે કે અહીં સેવા ઉપયોગી સ્થાનના રૂપમાં પોતાના ઘરનું વિધાન ઉપલબ્ધ હોવાથી, પોતાના ઘરમાં બિરાજતા ઠાકોરજીની સેવા છોડીને કોઈ બીજી જગ્યાએ (એટલે કે હવેલીઓમાં, જેમ આજકાલ, ભેટ-સામગ્રી-મનોરથ નોંધાવીને નિત્ય કે મનોરથોની ઝાંખી કરી લેવી, વૈષ્ણવોએ પુષ્ટિમાર્ગમાં આને જ પરમધર્મ માની લીધો છે તેમ)

અમૃતવચનાવલી♣

(૧) પાછેં **શ્રીગુસાંઈજી** આપુ **શ્રીગોવર્ધનધરસોં** પૂછેં જો 'મહારાજ! કૃષ્ણદાસકી તો દેહ છુટી.... સો હમ કૌનકો અધિકાર દે કે બિગાર કરેં? તાસોં આપુ કહો તાકોં અધિકારી (ટ્રસ્ટી) કરેં. તબ શ્રીગોવર્ધનનાથજી કહેં જોં **'હમહું કૌન જીવકો બિગાર કરેં? જો કોઈ અધિકાર લેયગો** (ટ્રસ્ટી બનેગો) **તાકો બિગાર હોયગો. તાસોં તુમ એક કામ કરો જો અધિકાર કો દુસાલા લે સબ કી આગે કહો** (જો) **જાકો અધિકાર કરનો હોય** (ટ્રસ્ટી બનનો હોય) **સો દુસાલા ઓઢો. તબ જો આયકે કહે, તાકો દેવ. સો જાકો ગિરનો હોયગો સો આપુહી આયગો.** *

☞ * (**સિદ્ધાંત નવનીતઃ** આનો અર્થ સ્પષ્ટ એ થાય છે કે, જે વૈષ્ણવ અધિકારી બને **તેનાં પક્ષમાં** શ્રીગુસાંઈજી કે શ્રીગોવર્ધનનાથજી **નથી** કેમકે તેમાં **તેનો** બગાડ નિશ્ચિત છે. **કૃષ્ણદાસ અધિકારી પ્રેત થયા છે.)**

(વાંચો ૮૪ વૈષ્ણવ વાર્તા ૮૪/કૃષ્ણદાસની પ્રસંગ ૧૦)

(૨) સો એક દિન એક વૈષ્ણવને કિશોરીબાઈકો કછુ સામગ્રી દીની હતી. તબ કીશોરીબાઈને સિદ્ધ કરી કે શ્રીઠાકોરજીકો ભોગ સમપ્ર્યો. તા દિન શ્રીઠાકોરજી આરોગવે કો પધારે નાહીં. તબ કીશોરીબાઈ અપને મનમે બહોત ખેદ કરન લાગી.

તબ **શ્રીઠાકોરજી** બોલે **'જો તેનેં મેરે લીયે સામગ્રી કયોં લીની? સો હમ કૈસે અરોગેં?'** *

ભાવપ્રકાશકાર શ્રીહરિરાયજી કહત હૈ યામે યહ જતાયેં જો ઔર કી સત્તા સામગ્રી અપને શ્રીઠાકોરજીકોં અરોગાવની નાહી. ઔર કછુ વૈષ્ણવપેતેં લેકે શ્રીઠાકોરજીકો વિનિયોગ ન કરાવનો સો શ્રીઠાકોરજી અંગીકાર ન કરેં.*(વાંચો ૨૫૨ વૈષ્ણવની વાર્તા ક્રમાંક ૨૦૯ કિશોરીબાઈ પ્રસંગ ૨)

☞ * **સિદ્ધાંત નવનીતઃ** (અર્થાત્ એક વૈષ્ણવ બીજા વૈષ્ણવ પાસે સેવા માટે કાંઈપણ લે છે તે શ્રી ઠાકોરજીને પસંદ નથી પોતે અંગીકાર કરતા નથી પછી ભલે ને તે ગમે તેટલા મોટા કહેવાતા વૈષ્ણવ હોય)

*** સંકલન કર્તા દ્વારા ♣ 'ભક્તિવર્ધિની ગ્રંથ' પ્રકાશકઃ શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ માંડવી**

નમ્ર વિનંતી

અમારી દ્રઢ માન્યતા છે કે, શ્રીઠાકોરજી, શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજીનાં વચનામૃત, દર્શન, અધરામૃત, કે સેવા સંપ્રદાયમાં **કોઈપણ સંજોગોમાં વિક્રયી ન હોવા જોઈએ** કેમકે તેથી **સ્વરૂપ વિક્રયતાનો દોષ લાગે છે** (તેવું શાસ્ત્રો જણાવે છે.) અહિંયા દ્રવ્ય લેવાનો હેતુ **દ્રવ્ય ઉપાર્જનનો નથી પરંતુ આનંદને મેળવવા માટે તે આનંદ પર ન્યોછાવર કરવાનો છે.**

આશા સાથે વિનંતી છે કે કદાચ અહિંયા **વિક્રયતાનો દોષ** અમારી જાણ બહાર કે અમારી અલ્પ સમજને લીધે લાગતો હોય તો **શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજી** અમને ક્ષમા કરે કેમકે, **અમારો શુદ્ધ હેતુ, પુષ્ટિ અસ્મિતા જાગૃત કરવાનો જ છે દ્રવ્ય ઉપાર્જનનો નથી.** (જુઓ પાનું ૧૭ અને ૫૨)

આપનો નિખાલસ અભિપ્રાય સલાહ સૂચન વિગેરે સદૈન્ય સાદર આવકાર્ય છે અને રહેશે જ. જે તમારા દ્વારા અમને શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોમાં દ્રઢ થવા મદદરૂપ થશે.

- શેષ ભગવદ્ ઈચ્છા

મનોરથઃ સંકલન ૪માં ભક્તિ એટલે શું? તેનું ફળ શું? શ્રીઠાકોરજીને શું પ્રિય છે, શું અપ્રિય છે? વિગેરેની ચર્ચા કરીશું. - શેષ ભગવદ્ ઈચ્છા

આ સંકલન - ૩ માં નીચે જણાવેલ ગ્રંથોની સહાયતા લીધી છે.
સંપ્રદાયના સાહિત્યમાંથી શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુલનાથજી, શ્રીહરિરાયજી, શ્રીપુરુષોત્તમજી વિગેરેના ગ્રંથો, સિધ્ધાંતવચનાવલી અને અમૃતવચનાવલી (સંયુક્ત પ્રકાશન-મુંબઈ-હાલોલ-માંડવી,) પૂ.પા. ગો. શ્રીશ્યામમનોહરજીના, પૂ.પા. ગો. શરદબાવાના (માંડવી, હાલોલ) વચનામૃતોનું સંકલન છે.

અમારો મનોરથ

શ્રીના અસીમ કૃપાપાત્ર વૈષ્ણવજન,

આપણે સૌ વૈષ્ણવો નવ-વિલાસમાં (નવરાત્રિના દિવસોમાં) નાચી ગાઈને આનંદ કરીએ અને છતાં પણ અન્યાશ્રય ન થાય તેને ધ્યાનમાં રાખીને **દયારામભાઈએ અનેક ધોળ પદ અને ગરબીઓ ગુજરાતીમાં રચ્યા છે.** જે આપણા સંપ્રદાયનો અમુલ્ય વારસો છે. આપણે લાપરવાહી અને બેદરકારીને લીધે જે માણ્યો નથી. આ એવા પદો અને ગરબીઓ છે **જેને નાચવાથી ગાવાથી શ્રીમહાપ્રભુજીએ આપણમાં મૂકેલી અસ્મિતાને દ્રઢ કરી શકાય.**

વરસો પહેલા **પુ.પા.ગો. શ્રીશ્યામમનોહરજીએ (વિલેપાર્લા - મુંબઈ - કિશનગઢ)** દયારામભાઈના અમુક ધોળ પદ ગરબીઓને વૈષ્ણવો આ રીતે માણી શકે તે માટે સુંદર સંકલન કર્યુ હતું. જેને આપશ્રીએ **પુષ્ટિ અસ્મિતા ભાગ ૧, ભાગ ૨, ભાગ ૩** કેસેટના સ્વરૂપમાં રજૂ કર્યુ હતું. આપશ્રીનો એ જ મનોરથ હતો કે વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મસંબંધ દ્વારા મૂકેલા સિદ્ધાંતો ગાઈને નાચીને દ્રઢ કરે. વધુમાં સંપ્રદાયની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી આપશ્રીએ પોતાની રચનાઓ પણ સામેલ કરી છે. **શ્રીવલ્લભ વિઠ્ઠલ સિદ્ધાંત જીજ્ઞાસુ મંડળ - આણંદ** તેમના આ મનોરથને ફરી વાર **અધરામૃતની મહાપ્રસાદી પાતળ સંકલન ૩**માં પરોસી રહ્યું છે.

શ્રીવલ્લભ વિઠ્ઠલ સિદ્ધાંત જીજ્ઞાસુ મંડળ આ કાર્યક્રમને **પુષ્ટિ અસ્મિતા જાગૃતી અભિયાનમાં** લઈને ગર્વ અનુભવી રહ્યું છે. આવો આપણે પણ સાંભળી નાચી ગાઈને આપણામાં એ પુષ્ટિ અસ્મિતા દ્રઢ કરીએ. આજ વર્ણન પાતળ ૧, પાતળ ૨ અને પાતળ ૩માં આપની સમક્ષ રજુ થયેલુ છે. **શ્રીમહાપ્રભુજીના બતાવેલા માર્ગ ઉપર પાછા વળવાનો ભાવ આપણામાં અંકુરીત થાય** અને આપણે સૌ શ્રીમહાપ્રભુજીએ સમજાવેલા સિદ્ધાંતોને વાગોળીને આચરણમાં મુકીએ **તે જ અમારો મનોરથ છે......** (પાછળ જુઓ)

વંચાવો-સત્સંગ)

શ્રી વલ્લભ વિઠ્ઠલ સિધ્ધાંત જીજ્ઞાસુ મંડળ
સત્સંગ સ્થળ : C/o. ચિરાગ લેબોરેટરી
શુભ લક્ષ્મી શોપીંગ સેન્ટર, સ્ટેશન રોડ,
આણંદ. ☎ : (૦૨૬૯૨) ૨૫૪[illegible]
બુધવાર - રવિવાર - (૪ થી [illegible])
ન્યોછાવર : નિ:શુલ્ક વિતરણાર્થે
(વાંચો-વંચાવો-સત્સંગ)

મહાપ્રસાદની કણિકા



(૧) સત્સંગ **'પુષ્ટિ અસ્મિતા એટલે શું?'** ૦૧

એમ.પી.૩ માર્ગદર્શિકા

(૧) શ્રી વલ્લભના ન્યાયાલયનો ફેંસલો (ગાન ૧) ૧૮
(૨) પુષ્ટિ અસ્મિતા ભાગ - ૧ (ગાન ૨ થી ૮) ૨૦
(૩) પુષ્ટિ અસ્મિતા ભાગ - ૨ (ગાન ૯ થી ૨૦) ૨૨
(૪) પુષ્ટિ અસ્મિતા ભાગ - ૩ (ગાન ૨૧ થી ૩૪) ૨૬
(૫) પુષ્ટિ પાઠાવલી (ગાન ૩૫ થી ૫૬) ૫૨

* * *

....ક્રમશઃ

આશા છે કે આપણે સૌ ઘરમાં - મહોલ્લામાં - પોળમાં - ખડકીમાં - સોસાયટીમાં આ જ પુષ્ટિ અસ્મિતાને રોજ, દર-વર્ષે આવતી નવરાત્રીમાં, પુષ્ટિ માર્ગીય અધિવેશન જેવા કાર્યક્રમોમાં વિના સંકોચે પ્રકટ કરીને અને શ્રીમહાપ્રભુજીની વાણીમાં જ દ્રઢ થઈએ તેવી અભિલાષા સાથે આ સંકલન ૩ તમારા હાથમા પરોસીએ છીએ.

આપણી સમજમાં દ્રઢતા આવે માટે ક્યાંક **શ્રીમહાપ્રભુજીનાં ગ્રંથોના વાક્યો આપેલા છે, ક્યાંક શબ્દોનાં અર્થો આપેલા છે.** છતાં પણ કદાચ સંકલનમાં, જીવ બુદ્ધિ થી ક્ષતિ રહી ગઈ હોય તો તે તરફ અમારું ધ્યાન વાચક વૈષ્ણવ દોરશે અને અમને ક્ષમા યોગ્ય ગણશે તેવી વિનંતી છે. અમારા મંડળનો ફક્ત એક જ ઉદ્દેશ્ય રહેલો છે બ્રહ્મસંબંધી વૈષ્ણવોમાં **શ્રીમહાપ્રભુજીએ મુકેલી એ અસ્મિતાને જાગૃત કરી તેનુ સતત સ્મરણ કરી, આચરણમાં મુકી આપણે આ ભુતલ પર બ્રહ્મસંબંધ લીધું છે તેને સાર્થક કરીએ.**

- શેષ ભગવદ્ ઈચ્છા

પુષ્ટિ અસ્મિતા એટલે શું?

સંકલન-૧માં આપણે પુષ્ટિ અસ્મિતા અને તેનાં બે પ્રકારો વિશે ચર્ચા કરી. ત્યારબાદ ઘણાં સત્સંગીઓ અને વૈષ્ણવોએ આ પ્રશ્ન વધુ સમજણ માટે પૂછ્યો હોવાથી-અસ્મિતા એટલે શું તે પહેલા જાણી લઈએ. જે હવે ઉદાહરણરૂપે તેમની સાથે થયેલી ચર્ચા પ્રસંગો સાથે સમજીશું તો જલ્દીથી સમજી શકાશે.

જે ભાઈએ મને, અસ્મિતા એટલે શું? આ પ્રશ્ન પૂછયો હતો તે ભાઈને મેં પૂછ્યું 'તમારું નામ શું? કયાનાં છો? કયાં રહો છો?' તેમણે પ્રત્યુત્તર આપ્યો કે 'હું **કમલેશભાઈ પારેખ** છું મૂળ સૌરાષ્ટ્રના છીએ અને હાલ મુંબઈમાં રહીએ છીએ'.

મેં તેમને જણાવ્યું, 'અમારા ચરોતરમાં **પારેખ કે શર્મા** જેવી અટક વાળંદ પરિવારમાં હોય છે. તમારા સૌરાષ્ટ્રમાં કયા પ્રકારે આવે છે?' તેમણે પ્રત્યુત્તરમાં કહ્યું 'અમે સૌરાષ્ટ્રના ભાવનગર બાજુના કપોળ વણિક જ્ઞાતિના કહેવાઈએ છીએ અને વરસોથી અમારા કુટુંબમાં બધાં વૈષ્ણવ સંપ્રદાયને અનુસરે છે. જૂના ચલચિત્રની અભિનેત્રી આશા પારેખ અમારા દૂરના સગામાં થાય.' મેં કમલેશભાઈ ને સમજાવ્યું 'તમે જે દ્રઢતાથી જણાવ્યું કે અમે કપોળ વણિક વૈષ્ણવ છીએ એટલે કે વાળંદ જ્ઞાતિના નથી. આ તમારી કપોળ હોવાની અસ્મિતા છે તેની સાથે વણિક હોવાની અને વૈષ્ણવ હોવાની અસ્મિતા ભળી ગઈ છે. આવી ઘણી બધી અસ્મિતા આપણી બુદ્ધિમાં ચિત્તમાં આપણા વ્યવહારથી અને આચરણથી દ્રઢ થયેલી હોય છે. આપણા બધા જ વ્યવહાર અને આચરણ સાથે આપણી અહંતા મમતા જોડાઈ જાય છે, અને એ અસ્મિતા વધુને વધુ દ્રઢ બને છે. **આમ, અસ્મિતા એ પોતાપણાનું, પોતાના વ્યક્તિત્વનું સતત ભાન કરાવતી જાગૃત અવસ્થા છે.'**

ઉદાહરણ રૂપે મેં સમજાવ્યું કે, 'તમે ભારતીય છો, હિંદુ છો, ગુજરાતી છો, કપોળ છો, વૈષ્ણવ છો, આ બધી અસ્મિતા આપણી અહંતા મમતા સાથે જોડાવાથી તૈયાર થાય છે. આપણી આ

અસ્મિતાઓ સાથે સાથે, પતિ હોવાની, કાકા કે મામા હોવાની, બાપ હોવાની, ડૉક્ટર હોવાની કે ઍંજિનિયર હોવાની અસ્મિતામાં વધારો કરે છે જ્યાં જે અસ્મિતા વાપરવાની હોય ત્યાં તેનો ઉપયોગ આપણે આપણી બુદ્ધિથી કરતા હોઈયે છીએ. આમ અસ્મિતાનું આપણને કાંઈક અભિમાન હોવાથી તે જયાં-ત્યાં, અનુકૂળ સંજોગોમાં પ્રગટ થતી હોય છે.'

'જેમ ઓસ્ટ્રેલિયામાં વરસોથી રહેતો ભારતનો માણસ ઓસ્ટ્રેલિયાનો નાગરિક થઈ જાય છે. પણ જો ભારતના ખેલાડીઓ ત્યાં રમવા જાય ત્યારે ચહેરા ઉપર તિરંગો ઝંડો ચીતરે છે, અને જીતે ત્યારે હાથમાં તિરંગો ઝંડો લઈને દોડતો જોવા મળે. આમ તે ભારતીય હતો તે અસ્મિતા, જે વરસોથી છૂપાયેલી હતી તે કોઈ પ્રસંગ બનવાથી પ્રગટ થઈ ગઈ. એવી જ રીતે કોઈ સબંધ જેમ કે, કાકા ભત્રીજાનો જોઈએ. હવે જો કાકા કોઈ નામાંકિત વ્યક્તિ હશે તો ભત્રીજો એમ કહેશે કે હું તેમનો સગો ભત્રીજો છું તે મારા સગા કાકા છે. આમ સબંધના વ્યવહારથી તે અસ્મિતા વધશે. પરંતુ જો કાકા કોઈ કાયદાકીય ગુના હેઠળ પકડાશે તો તે જ ભત્રીજાની અસ્મિતાનો પારો નીચે ઉતરી જશે. આમ દરેક અસ્મિતા સ્વાર્થ સાથે, કાંઈક અહંતા મમતાને લીધે પ્રગટ થતી હોવાથી તેનું જ તેને પોષણ મળે છે. અને આ પોષણ લૌકિક સબંધોને લીધે થતું હોવાથી **લૌકિક અસ્મિતા બનશે.**'

ઉદાહરણ રૂપે સમજીએ કોઈપણ કઠોળ ફળ ફૂલ ઝાડના બીનો વિચાર કરીએ દાખલા તરીકે કેરીનો ગોટલો સૂકાયેલો હોય છે ત્યારે તે ગોટલામાં આંબાના બધાજ ગુણધર્મો સુષુપ્ત અવસ્થામાં રહેલા છે. તેને જમીનમાં રોપવાથી અનુકૂળ અને યોગ્ય સંજોગો જેવા કે ભેજ, પોષણ, પાણી, ગરમી,.... વિગેરે મળવાથી તે જાગૃત થઈ અંકુરિત થાય છે. જેમાંથી બંને દિશામાં ઉપર અને નીચે અંકુર ફૂટે છે. જમીન તરફ જતા તે મૂળ બને છે જે જમીનમાંથી વધુ પોષક તત્વો ચૂસીને બીજા અંકુર ને જમીનની બહાર કાઢી ક્રમશઃ ડાળી પાંદડા વિગેરેને પ્રગટ કરે છે. આ પાંદડાઓ સૂર્યપ્રકાશમાં હવા લઈ પોતાનો ખોરાક

બનાવી આત્મ નિર્ભરતા વધારે છે. સમય જતા જતા તેના ઉપર ફૂલ આવે છે જેમાંથી ફળ (કેરી) બને છે અને દરેક ફળોમાં તે બીજ તૈયાર થાય છે. આ દરેક બીમાં (ગોટલામાં) જે આંબાના પોતાના ગુણધર્મો હતા તે જ સુષુપ્ત અવસ્થામાં હશે. પછી જ્યારે તેને રોપવામાં આવશે ત્યારે જાગૃત થશે. એટલે કે હાફુસ કેરીનો ગોટલો જે આંબો ઉગાડશે તેના ઉપર હાફુસ કેરી જ આવશે પાયરી કે કેશર નહીં. **આ સ્વભાવ તે તેનો બીજ ભાવ કહેવાય.**

શ્રીમહાપ્રભુજી દરેક પુષ્ટિ માર્ગીય જીવમાં **અષ્ટાક્ષર મંત્ર** અને **બ્રહ્મસંબંધ મંત્ર** દ્વારા **'દાસ ભાવની અસ્મિતા'** જાગૃત કરે છે. જે ભગવાન અંશી સાથે જોડાય છે ત્યારે **અલૌકિક અસ્મિતાનું** રૂપ ધારણ કરે છે. તેને પોષણ અહંતા મમતા દ્વારા મળતાં અને તેને સમર્પિત કરતા રહેવાથી **સ્વામી-સેવક** ના અંકુરો એકબાજુથી **ભક્તિ** અને બીજી બાજુથી **કૃપાના** સ્વરૂપે ફેલાય છે. બીજને જાગૃત રાખવું અને પોષણ આપી વિકસાવવું આપણાં હાથમાં છે. શ્રીમહાપ્રભુજીની **આજ્ઞા પ્રમાણે જીવન જીવવાથી** તે અસ્મિતાને પોષણ મળતા આ અસ્મિતા જાગૃત રહે છે.

સેવકનો (દાસનો) બીજ ભાવ **પોષણ આપતા દ્રઢ થાય છે.** જે મન ચિત્ત બુદ્ધિ અહંકાર સાથે જોડાઈ જતા આપણી જાગૃત અસ્મિતા બની જાય છે. આજ વાત **કેવી રીતે આચરણમાં મૂકવી તે** આપણે ♣સંકલન-૨ પાનુ ૧૪, ૧૫, ૧૬માં જોયું છે. (ત્યાંથી વાંચી લેવું) ઉદાહરણ રૂપે શ્રીમહાપ્રભુજી **ગ્રંથમાં** એ જ વાત સમજાવે છે કે,

(૧) *વચસા વેદમાર્ગં હિ પુષ્ટિં કાયેન નિશ્ચયઃ ॥૯॥*
ભગવદ-રૂપ-સેવાર્થં તત્સૃષ્ટિઃ નાન્યથા ભવેત્ ॥૧૨॥
(પુષ્ટિપ્રવાહમર્યાદાભેદઃ)

(૨) *કૃષ્ણસેવા સદા કાર્યા માનસી સા પરા મતા ॥૧॥*
ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા ॥
(સિદ્ધાંતમુક્તાવલી)

.... (૭) *બીજ-દાર્ઢ્ય-પ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ ॥*
(ભક્તિવર્ધિની)

વિગેરે શ્લોકો ♣પ્રમાણે જીવન જીવવાથી બીજ ભાવ (સેવા સ્મરણ) જાગૃત થઈ દ્રઢ થાય છે. આપણી 'જાગૃત અવસ્થા' તે ભાવને શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું પાલન કરી પોષણ આપે છે, જેને લીધે આપણે પુષ્ટિ જીવ - શ્રીઅંગની સૃષ્ટિ છીયે તેનું ભાન રહે છે. જે **જાગૃત અવસ્થામાં જ ફલાત્મક બનતું હોવાથી અસ્મિતા** જાગૃત હોવી જરૂરી છે. **જે ભક્તિની ક્રિયા દ્વારા ઘરમાં જ શક્ય છે.**

જેમ કાકા, મામા, માસા,.... હોવાની અસ્મિતામાં 'કોઈક સંબંધ' બીજ છે તેમ બ્રહ્મસંબંધ એ જીવની પુષ્ટિ અસ્મિતા છે જેમાં **અષ્ટાક્ષર** અને **પંચાક્ષર મંત્ર** એ બીજ છે. આપણી ક્રિયા એવી હોવી જોઈએ જેથી આ બીજ દ્રઢ થાય અને પોષણ મળતા અંકુરિત થાય. જે ઉપર ♣માં જણાવ્યું તે આપણે આચરણમાં મૂકવાનું છે.

આમ બ્રહ્મસંબંધી સૃષ્ટિ જે શ્રી ઠાકોરજીના શ્રી અંગની સૃષ્ટિ હોવાથી અન્યત્ર ભટક ભટક નહીં કરે, પોતાના જ શ્રીઠાકોરજીની **અનન્યાશ્રય વાળી, નિષ્કામ, નિર્હેતુક, નિઃપ્રયોજન, અવ્યભિચારી ભક્તિ** પોતાનાં જ ઘરમાં દાસભાવથી ભગવદ્ સુખાર્થે શ્રીઠાકોરજીનું માહાત્મ્ય જ્ઞાન સમજીને સ્નેહથી ગૃહસેવા કરશે.

શ્રીમહાપ્રભુજીના મતે **માહાત્મ્ય જ્ઞાન પૂર્વસ્તુ સુદ્રઢ સર્વતોધિક સ્નેહો ભક્તિ** જાગૃત પુષ્ટિ અસ્મિતાની ફલાવસ્થા બને છે. **જ્યારે આપણા સ્વાર્થ યુક્ત, વિકૃત ભાવ વાળા વ્યવહારથી એ પ્રવાહિ અસ્મિતા બની જાય છે.** (સંકલન-૧ પાના નં. ૧૭ થી ૨૦માં સમજાવ્યું છે.) આ પ્રમાણે એક જ કાદવમાં જન્મેલા કમળ અને દેડકાનાં ઉદાહરણથી સમજી શકાશે કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષના પુરુષાર્થ દ્વારા દાસભાવથી ભક્તિ કરીએ (સેવા કરીએ) છતાં તેનું ફળ ભગવદાસક્તિ કે સંસારાસક્તિ, સેવા કેવા ભાવથી થાય છે તેના પર નિર્ધારીત છે.

આમ, ક્રિયા કરવાથી જેવો ભાવ તેવી **અસ્મિતાનું** જાગૃત પુષ્ટિ અસ્મિતા કે પ્રવાહી પુષ્ટિ અસ્મિતાનું **સંવર્ધન** તેનામાં થશે.

ધારોકે અજ્ઞાન વશ **આપણે આપણી અસ્મિતાને પ્રવાહી પ્રકારની બનાવી દીધી છે તો તેને જાગૃત બનાવી શકાય છે** અને તે માટે જરૂર છે **(૧)** શ્રીમહાપ્રભુજીનાં ગ્રંથો, તે ઉપરની ટીકાઓ, શિક્ષાપત્ર, ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓ, શ્રીમહાપ્રભુજીનાં સિદ્ધાંતો વિગેરેને સમજાવી **કરાતા સત્સંગની** અને **(૨)** તે સમજીને **કરાતા આચરણની.** જે આપણામાં રહેલી અસ્મિતાને જાગૃત કરી શકે છે.

વિચારણીય પ્રસંગો:

➤ (૧) પ્રસંગ પદ્મનાભદાસજીનો-શ્રીમહાપ્રભુજીનાં સેવક ૮૪ વૈષ્ણવોમાં પદ્મનાભદાસજીની વાર્તા ક્રમાંક ૪ માં આવે છે કે, તેમણે નાની દિકરીનો વિવાહ સત્સંગ મંડળીમાં આવતા તેમનાથી ઉતરતી જ્ઞાતિનાં બ્રાહ્મણ સાથે તે વૈષ્ણવ છે માટે કર્યો અને મોટી દિકરીએ વિરોધ કર્યો ત્યારે જણાવ્યું કે આ અંગૂઠો કાપી નાખ જેણે તે વૈષ્ણવ-બ્રાહ્મણને તિલક કર્યું છે. (આમ 'વૈષ્ણવ છે તે અસ્મિતાને' 'પોતે ઉચ્ચ બ્રાહ્મણ જ્ઞાતિ હોવાની અસ્મિતા' કરતા ચઢિયાતી માની)

➤ (૨) પ્રસંગ શ્રીગોકુલનાથજીનો લઈએ, જેથી કરીને 'આપણી અસ્મિતા' દ્રઢ થાય. એક વાર શ્રીગોકુલનાથજી અપરસ ધારણ કરીને સેવામાં પધારતા હતા-આગળ પાછળ તેમનાં ખવાસ ચાલતા હતા-અચાનક તેમનો ઉપરણાનો છેડો એક ભાઈને અડક્યો-ખવાસે શ્રીગોકુલનાથજીને કહ્યું, **'જે જે આપની અપરસ છોવાઈ ગઈ-આપના ઉપરણાનો છેડો પેલા ભાઈને અડકી ગયો'**. શ્રીગોકુલનાથજીએ તે ભાઈને નજીક બોલાવ્યા અને પૂછ્યું 'કોણ છો તમે?' તેણે પ્રત્યુત્તર આપ્યો 'જે જે વૈષ્ણવ છું' આવું ત્રણ વાર પૂછ્યું અને ત્રણ વાર તેમણે એ જ જવાબ આપ્યો. શ્રીગોકુલનાથજીએ ખવાસને કહ્યું કે **'વૈષ્ણવથી ન છોવાવાય'**. આમ કહીને આપ સેવામાં પધાર્યા.

ખવાસે આ વાત શ્રીગુસાંઈજીને કરી. ખવાસની હાજરીમાં શ્રીગુસાંઈજીએ-શ્રીગોકુલનાથજીને બોલાવ્યા અને પૂછ્યું, 'વલ્લભ યહ

ખવાસ કહ રહ્યો હૈ કી આપકે ઉપરનાકી છોર લગવેસું અપરસ છુઈ ગઈ તો ભી આપ સેવા મેં પધારે? 'કયા બાત સચ હૈ?' શ્રીગોકુલનાથજીએ પ્રત્યુત્તર આપ્યો, 'વા ભાઈકો મૈને તીન બેર-ઉલટ સુલટકે પૂછ્યો, તુમ કૌન હો? વાને એક હી ઉત્તર દીયો 'જે જે, મૈં વૈષ્ણવ હું' **મૈને જાન્યો, જો વૈષ્ણવતા ઈતની દ્રઢ હૈ** તો છૂવા-છીવાવે કો પ્રશ્ન હી નહીં હૈ. ઓર શ્રીઠાકોરજીકી સેવા ટહલમેં અવેર ન હોવે-જાનિકે પહોંચ્યો' શ્રીગુસાંઈજી 'ઠીક હૈ' કહકે ભીતર પધારે.

☞ **ભાવપ્રકાશઃ** જો એ ભાઈ એમ જવાબ આપતા કે હું-સોની છું-વાણિયો છું-ક્ષત્રિય છું-બ્રાહ્મણ છું- તો અપરસ જરૂર છોવાઈ જતે. પણ હું વૈષ્ણવ છું તેવા જવાબથી શ્રીગોકુલનાથજીએ માન્યું કે **તે ભાઈની 'અસ્મિતા વૈષ્ણવ છું'** તેમાં દ્રઢ છે માટે વૈષ્ણવથી છોવાવાય નહીં. આ થઈ વૈષ્ણવ હોવાની અસ્મિતાની વાત.

➤ (૩) પદ્મનાભદાસજીની વાર્તા પ્રસંગ-૧માં આવે છે, શ્રીમહાપ્રભુજીના કહેવાથી તેમણે અંજલિ ભરી સંકલ્પ કર્યો 'કથા વૃત્તિ કરીશ નહીં' શ્રીમહાપ્રભુજીએ કહ્યું 'શ્રીભાગવત વૃત્યર્થ ન કરવું, તમે બાપ દાદાના સમયથી પુરાણી છો-જે તમારી વૃત્તિ છે માટે મહાભારત ઈત્યાદિ કહી શકશો'. પોતે સંકલ્પમાં દ્રઢ છે તેથી પદ્મનાભદાસજીએ વિનય પૂર્વક ના પાડી. શ્રીઆચાર્યજીએ પૂછ્યું, 'તમે નિર્વાહ કઈ રીતે કરશો?' તેના જવાબમાં પદ્મનાભદાસજીએ જણાવ્યું, પોતાના યજમાનને ત્યાંથી માંગીને લાવશે. યજમાનને ત્યાં ગયા-યજમાને બહુ જ આદર સત્કાર કર્યો-ભગવદ ઈચ્છાથી મનમાં ગ્લાનિ ઉત્પન્ન થઈ કેમકે, આ પહેલા ક્યારેય યજમાનવૃત્તિ કરી નથી - માંગ્યું નથી - લેવા ગયો નથી - બધું ઘર બેઠાં જ આવતું હતું. તો શું કામ વૈષ્ણવ થયા પછી માંગવું? આ ક્રિયા ઉચિત નથી તેવું વિચારીને ફરી સંકલ્પ કર્યો, **'આજ પછી યજમાનવૃત્તિ પણ કરીશ નહીં'**. ત્યારે મહાપ્રભુજીએ પ્રશ્ન પૂછ્યો 'શું કરશો?' પદ્મનાભદાસજીએ જવાબ આપ્યો વૈશ્યવૃત્તિ કરી આપ કહો છો તે પ્રમાણે **યથા લાભ સંતોષ** રાખી આપની કૃપાથી રહીશ'. **(આ થઈ તેમની અસ્મિતા અને દીનતાની વાત)**

ભાવપ્રકાશકાર શ્રીહરિરાયજી જણાવે છે, ***'પદ્મનાભદાસકે મનમેં આઈ જો મેં વૈષ્ણવ કહાઈ કે ભીખ માંગો?'*** આ છે વૈષ્ણવ હોવાની અસ્મિતા કે **ભીખ માંગવા જેવી ક્ષુદ્ર ક્રિયા (ભલે પોતે બ્રાહ્મણ છે તો પણ) વૈષ્ણવ હોવાથી ન થાય** તેનાથી વૈષ્ણવતાને લાંછન લાગે. આજ વાત છીતસ્વામીની વાર્તા (૨૫૨/૨૪૪ પ્રસંગ ૨-૩માં) છીતસ્વામી શ્રીગુસાંઈજીને જણાવે છે કે, ***'જો મહારાજ મૈં વૈષ્ણવ ભયો સો કછુ વૈષ્ણવ કે પાસ ભીખ માંગનકો નાહીં ભયો'*** આ છે વૈષ્ણવ હોવાની અસ્મિતા શ્રીગુસાંઈજીએ પ્રત્યુત્તરમાં કહ્યું ***'વૈષ્ણવકો યહી ધર્મ હૈ જો ઐસે હી ચાહિયે'***.

આમ આપણામાં આપણે કઈ જ્ઞાતીનાં છીએ તે અસ્મિતા હોય છે, તેવી જ રીતે બ્રાહ્મણ છું, વૈશ્ય છું, ક્ષત્રિય છું, **તે વર્ણ અને આશ્રમની અસ્મિતા પણ જાગૃત હોવી જોઈએ.** જેને લીધે જીવનમાં આપણે એક પણ કાર્ય એવું ન કરીએ જેથી આપણી તે અસ્મિતાને લાંછન લાગે.

પૂ.પા.ગો. શ્રીશ્યામુબાવા તેમનાં પ્રવચનમાં જણાવે છે કે, 'પહેલા ભણેલો-ગણેલો-વિદ્વાન બ્રાહ્મણ જેને પોતાને **વિદ્વાન હોવાની અસ્મિતા છે** તે દાન સ્વીકારવા હાથ લાંબો ન્હોતો કરતો. રાજા કે પ્રજા, ભેટ તેના ચરણમાં ધરતા અને આ ભેટ, તે બ્રાહ્મણ સ્વીકારે, **તે માટે તેમને નમ્ર વિનંતી કરવી પડતી.** (બ્રાહ્મણો ત્યારે માંગતા જ ન્હોતા) આવી હતી પ્રાચીન વિદ્વાન, **ઉચ્ચકુળનાં બ્રાહ્મણોની અસ્મિતા**. જ્યારે આજે આપનારને (આપણને) અને લેનારને (બ્રાહ્મણને), બન્નેને એવો ભ્રમ થઈ ગયો છે **'ન માંગે તો બ્રાહ્મણ નહીં'**, માટે માંગવાનું અને આપવાનું, ઘણીવાર ન માંગે તો યે આપવાનું એ રિવાજ બની ગયો છે.'

પૂ.પા. શ્રીશ્યામુબાવાએ વધુમાં જણાવ્યું કે, 'આવી માનસિક પરિસ્થિતિ વૈષ્ણવોની થઈ જવાથી વૈષ્ણવો જાણે અજાણે ઘણીવાર એવો વ્યવહાર કરે ત્યારે, અમારે શરમજનક પરિસ્થિતિમાં મુકાવું પડે છે. એક વાર કલકત્તામાં એરપોર્ટ ઉપર મને કોઈ વૈષ્ણવે જોયો,

તરત ખીસ્સામાં હાથ નાંખ્યો અને એરપોર્ટ પર ભેટ ધરી. તેને ફલાઈટની ઉતાવળ હશે તેથી દોડીને જતો રહ્યો. **મારી અસ્મિતા મને આ ભેટ ન સ્વીકારવા મજબૂર કરી રહી હતી,** જ્યારે બીજી બાજુ તે ભેટ ધરનાર **વૈષ્ણવનો ભાવ** ભેટ લેવા મજબૂર કરી રહ્યો હતો. કાંઈ પણ નિર્ણયાત્મક પગલું લઉં તે પહેલા એરપોર્ટનો કચરા કાઢવા વાળો આવ્યો ગૂપ ચૂપ નોટને બીજા કચરાની જેમ ઉઠાવી લીધી અને બીજો કચરો વીણવા લાગ્યો. **મને હાશ! થઈ કેમકે મારી અસ્મિતા તો અખંડિત રહી.'**

પૂ.પા. શ્રીશ્યામુબાવાએ વધુમાં જણાવ્યું કે, **'અમારી પણ કાંઈક અસ્મિતા હોય છે. તે જાળવવાની ફરજ અમારી છે સંપ્રદાયની પણ કાંઈક અસ્મિતા હોય છે તે જાળવવાની ફરજ વૈષ્ણવોની છે.** 'જ્યાં ગોસ્વામી બાળક દેખાયા **ત્યાં 'ધર ભેટ'** વાળો ભાવ વૈષ્ણવોને ન હોવો જોઈએ, ભેટ ધરવામાં પણ કાંઈક વિવેક હોવો જોઈએ. જ્યારે અમારે માટે તો, **અમે 'શ્રીવલ્લભનાં વંશજ' છીયે તે અસ્મિતા મુખ્ય અને પહેલા હોવી જોઈએ, પછી બ્રાહ્મણ હોવાની અસ્મિતા** હોવી જોઈએ. બ્રાહ્મણ હોવાની અસ્મિતા ઓછી હશે તો ચાલશે. પણ **અમે શ્રીવલ્લભના વંશજ છીયે અને જો તે અસ્મિતા જાગૃત હશે તો અમારે ક્યારેય હાથ લાંબો કરવાનો ન હોય કે માંગવાનું ન હોય અને સ્વાર્થયુક્તતો કદાપિ નહીં.'**

'જ્યારે વૈષ્ણવો માટે **બ્રહ્મસંબંધી હોવાની અસ્મિતા** મુખ્ય હોવી જોઈએ બીજી બધી અસ્મિતા ઓછી હશે તો ચાલશે. દરેક કાર્ય જીવનમાં-લૌકિકમાં-અલૌકિકમાં **અમારે મુખ્ય અસ્મિતાને એટલે વલ્લભ વંશજ હોવાની અસ્મિતાને લાંછન ન લાગે તેવી રીતે કરવાનાં હોય.'** તેવી જ રીતે વૈષ્ણવોએ પોતે બ્રહ્મસંબંધી છે તો **અમારી તે અસ્મિતાને (વલ્લભ વંશજ હોવાની અસ્મિતાને)** લાંછન **ન લાગે તે રીતે દરેક કાર્ય કરવાના હોય.'**

➤ (૪) ૨૫૨ વૈષ્ણવોની વાર્તા ક્રમાંક ૩૮માં **માપણી વાળાની** વાર્તામાં તે બ્રાહ્મણી બાઈ બહાર બેસીને ઠાકોરજી માટે અનાજ

વીણતી હતી. જ્યારે શાકત-માપણીવાળાએ પૂછ્યું કે તું આટલી ચીવટ રાખીને સુંદર રીતે કોના માટે ચોખા વીણે છે? તેને જવાબ આપતા બાઈએ કહ્યું કે, 'ઠાકોરજી માટે' પછી તેને ઠાકોરજીનાં દર્શન કરાવ્યા- માપણી વાળા એ જમીન ઓછી માપી જેથી કર ઓછો ભરવો પડશે તેવું જણાવતાં બ્રાહ્મણી એ કહ્યું **'તેં મને જીવાડી'** વિગેરે વિગેરે વાર્તામાં આવે છે. **ફલ સ્વરૂપે** આવી ક્રિયાથી શ્રીઠાકોરજીને પોતાની અસ્મિતા ખંડિત થતી લાગી તેથી તેની સેવા અંગીકાર ન કરતાં તે ઘર છોડી પધારી જાય છે. (વાર્તા વાંચવી)

☞ **સંપ્રદાય સારઃ** પોતે 'બ્રહ્મસંબંધી વૈષ્ણવ' છે તેવી અસ્મિતા જેને દ્રઢ છે તે **(અ)** સામગ્રી કોઈના દેખતા, કોઈને કહીને, કોઈને બતાવીને તૈયાર નહીં કરે. **(બ)** અન્ય માર્ગીયને દર્શન નહીં કરાવે **(ક) સ્વીયાન ભકતાન્ પ્રદર્શયેત** - શ્રીગોપીનાથજી કૃત સાધન દીપિકા શ્લોક ૧૦૮ અર્થાત્ જે **સ્વીય** એટલે પોતાના હોય, (પોતાના કોને કહેવા? તે પ્રશ્નનો ઉત્તર એ છે કે, જેના હાથમાં આપણી તીજોરીની ચાવી સોંપી નિશ્ચિંત રહી શકીએ-ઘરનું બધું જ જણાવતા હોઈએ **તેવી વ્યક્તિને સ્વીય કહેવાય**-પોતાની કહેવાય, આવી વ્યક્તિ ખૂબ જ ઓછી હોય છે. ઘણીવાર ઘરના પણ સ્વીય ના હોય અને મિત્ર સ્વીય હોઈ શકે છે.) સાથે તે સ્વીય વ્યક્તિ સંપ્રદાય અંતર્ગત **ભકત** હોય શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પાળતો હોય તો જ તેને આપણા ઠાકોરજીના દર્શન કરાવી શકાય. **શ્રીગોપીનાથજીનાં આ વાક્યને** ધ્યાનમાં રાખીએતો **બધા વૈષ્ણવોને પણ દર્શન ન કરાવવા, એવું ફલિત થાય છે.** અર્થાત્ ગામમાં કે ઘરમાં જે કોઈ આવે તે બધાને દર્શન નહીં કરાવે. જેની તેની પાસે સેવા નહીં કરાવે.

➤ (૫) સંપ્રદાયમાં બિરાજતા ઠાકોરજીને પોતાની પણ અસ્મિતા હોય છે, કે **હું કોનો સ્વામી?** જે સેવકના માથે બિરાજું છું તેનો - ઉદાહરણ રૂપે શ્રીમથુરાધીશ કોના? પ્રશ્ન ના પ્રત્યુત્તરમાં એ જ આવે છે કે **પદ્મનાભદાસજીનાં** શ્રીનવનીત પ્રિયાજી કોના? પ્રશ્ન ના પ્રત્યુત્તરમાં એ જ આવે છે કે **ગજ્જનધાવનનાં....** વિગેરે દ્વારા સમજાય છે કે શ્રીઠાકોરજી સ્વામી ભાવથી દરેક સેવક ને માથે બિરાજે છે.

માટે દરેક સેવકે બીજાની સત્તાનું પોતાના ઠાકોરજીને **ધરવું જ ન જોઈએ,** જો તે ધરશે તો હું તે આરોગીશ નહીં- માટે જ **કિશોરીબાઈની વાર્તામાં** શ્રીઠાકોરજી કિશોરીબાઈને જણાવે છે **'તેં મને બીજાની સત્તાની સામગ્રી કેમ ધરી? હું કેવી રીતે આરોગું?'**

તેથી વૈષ્ણવે પોતાના શ્રીઠાકોરજી માટે બીજાની સત્તાની સામગ્રી માંગીને કે લઈને કે મનોરથ કરાવીને **'શ્રીઠાકોરજીની અસ્મિતા'** ઉપર પ્રહાર ન કરવા જોઈએ, કે ખંડિત કરવાની કોશિશ ન કરવી જોઈએ. આવું કરવાથી શ્રીઠાકોરજી અનમના બિરાજે છે (જુઓ વાર્તા ક્રમાંક ૨૦૯/૨૫૨ વૈષ્ણવોની વાર્તા)

➤ (૬) આજ વાતનો ખુલાસો ગજ્જનધાવનની વાર્તામાં મળે છે. ગજ્જનધાવનની દાસ તરીકેની અસ્મિતા એવી દ્રઢ છે કે, **'મારા નવનીતપ્રિયાજીને વિનંતી કરી અરોગાવીશ ત્યારે જ આપ અરોગશે, તે સિવાય નહીં'**. શ્રીનવનીતપ્રિયાજીની અસ્મિતા આ જ કારણથી એવી થઈ ગઈ છે કે મને મારો ગજ્જન વિનંતી કરે તે જ મારે સ્વીકારવું અને અરોગવું. વાર્તા માં આવે છે ક્યારેક ગજ્જનધાવન અનોસરમાં મંદિરમાં અંદર રહેતા અને આ વાતનું બન્નેને વ્યસન થઈ ગયું છે. એકવાર અક્કાજીએ ગજ્જનધાવનને પાન લેવા મોકલ્યા, પરંતુ શ્રીઠાકોરજીને મારું વ્યસન હોવાથી હું ત્યાં હાજર નહિં હોઉં તો આપ અરોગશે નહિં માટે તેમને પરિશ્રમ થશે **તે વિચારથી ગજ્જન બેભાન બની ગયા છે.** નવનીતપ્રિયાજી પણ શ્રીમહાપ્રભુજીને એ જ દ્રઢ ભાવ સાથે જણાવે છે - *'મેરો ગજ્જન આવેગો તબ અરોગુંગો'*.

➤ (૭) આજ દાસભાવની અસ્મિતાની વાત પદ્મનાભદાસજીની વાર્તામાં આવે છે, બે દિવસ અક્કાજીએ કાચું સીધુ મોકલ્યું છે પણ પદ્મનાભદાસ પોતાના ઠાકોરજીને ધરતા નથી. છેલ્લે દાસભાવ દ્રઢ છે તેથી વિનંતી કરે છે, **'મહારાજ! અક્કાજીએ આ સામગ્રી મોકલી છે તે આરોગવી છે? મારે ત્યાં તો આપને છોલા જ મળશે'**.

આ પ્રશ્નથી પદ્મનાભદાસજીની **સેવક હોવાની અસ્મિતાનો,** શ્રીમથુરાધીશજીમાં પડઘો એ પડ્યો કે, મારો સેવક મને પોતાની

સત્તાનું જ ધરવા માંગે છે, વળી દાસ ભાવથી મને પૂછી રહ્યો છે કે, **મારી ઈચ્છા શું છે? મારે શું આરોગવું છે?** તેનો શ્રીમથુરાધીશજીએ પ્રત્યુત્તર એ જ આપ્યો **'મને તારા છોલા જ પ્રિય છે'**. આ છે **સ્વામીભાવની અસ્મિતાવાળો** શ્રીઠાકોરજીનો પ્રત્યુત્તર. આવા દ્રઢ ભાવવાળા પદ્મનાભદાસજી માટે શ્રીગોકુલનાથજી જણાવે છે કે તે કોટિમાં વિરલા હતા.

➤ **(૮) શાસ્ત્ર વિરુદ્ધ દ્રવ્યનું** ઉપાર્જન કરીને પણ સામગ્રી ન ધરવી જોઈએ. - જુઓ વાર્તા ૨૫૨ વૈષ્ણવની ક્રમાંક **૭૧** તાદશી વૈષ્ણવની જેને પ્રસાદમાં કીડા દેખાયા. આવા શાસ્ત્ર વિરુદ્ધનાં દ્રવ્યથી (દિકરીના દ્રવ્યથી) થતી સેવા શ્રીઠાકોરજીને પસંદ નથી કેમકે **ઠાકોરજીને પોતાની અસ્મિતા ખંડિત થતી લાગી છે.** જે વૈષ્ણવ પોતાની અસ્મિતા સાચવીને - શ્રીઠાકોરજીની અસ્મિતાને સંભાળી લે છે તેને શ્રીઠાકોરજી સ્વાનુભવતા જતાવે છે. આમ અનન્ય દ્રઢતા વાળા તાદશી વૈષ્ણવને શ્રીઠાકોરજીના દર્શન ગુસ્સાવાળા મુખારવિંદના થયા છે તેથી સાથેના વૈષ્ણવ ને કહે છે અહિંયા કંઈક વિપરીત લાગે છે શ્રીઠાકોરજી ગુસ્સામાં અનમના બિરાજેલા દર્શન આપે છે. પરંતુ બીજા કોઈને પણ આ સાનુભવતા થતી નથી (ભલે તેઓ શ્રીમહાપ્રભુજી કે શ્રીગુસાંઈજીનાં સેવકો હોય જેની ચર્ચા સંકલન ૨/૩૬માં કરી છે).

આવી છે આપણા સંપ્રદાયમાં **'પુષ્ટિ અસ્મિતા'** ની સમજણ. આવા અનેક પ્રસંગોમાં શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજી-૮૪-૨૫૨ વૈષ્ણવોમાં 'પુષ્ટિ અસ્મિતા' જે પાયાનો સિદ્ધાંત છે, જેના ઉપર આપણો સંપ્રદાય ઉભો છે તે સમજાવે છે. **વધુ સમજવા માટે,** રામદાસજી અને મીરાબાઈનો પ્રસંગ, રાજા અકબર સાથે કુંભનદાસજીનો પ્રસંગ, રાજા અકબર સાથે સૂરદાસજીનો પ્રસંગ, રાજા અકબર સાથે પરમાનંદદાસજીનો પ્રસંગ ધાણી પૂણી વાળા ઠાકોરજીનો પ્રસંગ છીત સ્વામી અને બીરબલનો પ્રસંગ.... .... વિગેરે **દ્રઢ પુષ્ટિઅસ્મિતાના પ્રસંગો છે.** જે વાંચવાથી, વિચારવાથી - સમજવાથી અને આચરણમાં મૂકવાથી આપણી **જાગૃત અસ્મિતા** દ્રઢ થઈ શકે છે.

હવે આપણે સંપ્રદાયમાં કેવું વર્તન કરીયે છીયે તે ઉદાહરણ સ્વરૂપે જોઈશું તો, આપણને આપણી અસ્મિતા કેવી દ્રઢ છે તે જાણી શકાશે.

પ્રસંગો આપણાં પોતાનાં

એક વાર લૌકિક કાર્ય માટે બસમાં રાજકોટ જવાનું થયું. વડોદરાથી રાતનાં ૧૦-૩૦ વાગે ઉપડતી બસ આણંદ આવી તેમાં બેઠો (સમય એટલા માટે જણાવવાનો કે લગભગ બધા ઘરેથી ખાઈને મુસાફરીમાં બેઠા હોય તેમ સમજી શકાય માટે). બસમાં દાખલ થતાં ડ્રાઈવરની સીટ પાછળની બાજુમાં મારી નજર એક ભાઈનાં લલાટ પર પડી-સુંદર લાલ તિલક કર્યું હતું - (મનમાં વિચાર આવ્યો, લાંબી મુસાફરી છે વૈષ્ણવ મળી ગયા-વાતો કરવામાં સત્સંગ કરવામાં સમય પસાર થઈ જશે.)

મારી સીટ છેલ્લે હતી, સીટમાં ગોઠવાઈ ગયો. બસ વડોદરાથી આવતી હતી એટલે વિચાર આવ્યો કે વૈષ્ણવ વડોદરાના અથવા રાજકોટનાં હશે. રાત હોવાથી બસની અંદર લાઈટો બંધ થઈ ગઈ. બસ ઉપડી પહેલો પડાવ, તારાપુર ચા-પાણી માટેનો ૧૨-૦૦, ૧૨-૩૦નો હતો. વિચાર કર્યો ત્યાં જ તેમને મળીને ભગવદ્ સ્મરણ કરીને ઓળખાણ પીછાણ કરી લઈશું. એ જ ભાઈના વિચારમાં સમય પસાર થયો. રાતનો સમય હોવાથી ઝોકું આવી ગયું. તારાપુર ક્યારે આવ્યું તે ખબર ના પડી. આંખ ઉઘાડીને જોયું તો બસ લગભગ ખાલી છે બધા ચા-પાણી નાસ્તો કરવા ઉતરી ગયા હતા. હું પણ પેલા ભાઈને મળવા અને લટાર મારવા નીચે ઉતર્યો. મેં જોયું તો તે ભાઈ રાતની ઠંડીમાં ચાની ચૂસકી કપથી લઈ રહ્યા છે અને કાંદા-બટાકાના ગરમા ગરમ ભજીયા કાગળનાં પડિકામાંથી ખાઈ રહ્યા છે. મારા સત્સંગ કરવાનાં, વાતો કરવાનાં બધા વિચારો ધ્વસ્ત થઈ ગયા. લટાર મારી પગ છૂટા કરી મારી જગ્યાએ બેસી ગયો વિચાર કરવા લાગ્યો.

શું કાંદા-બટાકાનાં ભજીયા ન ખવાય? રેકડીની ચા ન પીવાય? બધું થાય પણ **કપાળમાં ધારણ કરેલા 'તિલક' ની કાંઈક અસ્મિતા સાચવવી જોઈએ**, શું એવું નથી લાગતું?

આવું જ કંઈક લગ્નપ્રસંગે, મેળાવડામાં, જ્ઞાતિનાં જમણવારમાં બધે જોવા મળતું હોય છે. મારું માાનવુ છે કે, **વૈષ્ણવે તિલક અવશ્ય કરવું જોઈએ પણ તેની અસ્મિતા જાળવવી જોઈએ.** જો જમણવારમાં કે હોટલનું **ખાવું પીવું હોય તો તિલક ન કરીને તે તિલકની, સાંપ્રદાયિક અસ્મિતા જાળવી શકાય** છે.

આ સામાન્ય વાત સાદા ઉદાહરણથી સમજી શકીશું. ગામનાં કે શહેરનાં રસ્તા ઉપર આપણે ચાલતાં જતા હોઈએ અવર જવરને કારણે મોટા ભાગે વાહનોની ગતિ ધીમી હોય. આવા રસ્તા ઉપર કોઈ ગાડી કે સ્કૂટર ૮૦-૧૦૦ની ઝડપે જોર જોરથી હોર્ન મારીને ચલાવે તો આવું વર્તન કરનાર અસભ્ય લાગે છે, ચાલક ઉપર રાહદારીઓને તિરસ્કાર છુટે છે. જો આજ સાધન સ્કૂટર કે ગાડી ઉપર **રેડક્રોસ દોરેલો હોય કે ડૉ. લખેલું હોય** તો તેવા ડોકટર પ્રત્યે સમાજને નફરત પેદા થઈ જાય છે. કેમકે ડૉકટર પાસેથી સમાજ આવા અસભ્ય વર્તનની અપેક્ષા રાખતી નથી.

એવી જ રીતે હૉસ્પિટલમાં દર્દીને તપાસવા અહીં તહીં ડોકટર ફરતા હોય, હાથમાં કે ગળામાં સ્ટેથોસ્કોપ હોય અને જો તે મોટે મોટેથી સિનેમાનાં ગીત ગાતા હોય, સીસોટી મારતા હોય, અસભ્ય ચિતરામણવાળુ ટી શર્ટ પહેરેલું હોય તો તેવા ડૉકટરની છાપ દર્દી અને મુલાકાતીઓ પર કેવી પડે?

બસ આવીજ કાંઈક વાત, આપણી છે - આપણે ગળામાં કંઠી પહેરેલી હોય - કપાળમાં વૈષ્ણવી તિલક કરેલું હોય, ગમે ત્યાં ગમે તે ખાવા પીવા ઉભા રહી જઈએ, વાણી અને વ્યવહારમાં સંયમ અને આચરણ ન રાખીયે આ ચિન્હની અસ્મિતા ન જાળવીયે તો આપણે પણ સંપ્રદાયની દષ્ટિમાં અસભ્ય જ થયા. (આચાર વિચાર માટે સંકલન ૨ જોવું)

☞ **સિધ્ધાંત નવનીતઃ** શ્રીમહાપ્રભુજીનાં સંપ્રદાયમાં, બ્રહ્મસંબંધ લેવાથી **શ્રીઠાકોરજીમાં સ્વામીભાવની અસ્મિતા** અને લેનાર **વૈષ્ણવમાં દાસભાવની 'અસ્મિતા'** જાગૃત થાય છે. જો વૈષ્ણવ એ દાસભાવની પુષ્ટિ અસ્મિતાથી ધર્મ, અર્થ, કામ, મોક્ષ જેવાં પુરુષાર્થો સાથે **પુષ્ટિ ભકિતનો જ આગ્રહ** પોતાના ઘરમાં, પોતાના ઠાકોરજી સાથે રાખે છે અને ઈન્દ્રિયોને લૌકિક વિષયાસકિતમાંથી દૂર કરી, અહંતા મમતા સાથે, ભગવદ પ્રિત્યર્થે, ભગવદ સુખાર્થે વાળી દે છે, તો તે ક્રમશઃ **પોતાને માથે બિરાજેલા પુષ્ટિ પ્રભુમાં, સ્વામીભાવની અસ્મિતાને પ્રગટ કરાવી શકવા સક્ષમ બને છે.** ફલ સ્વરૂપે તે જ શ્રીઠાકોરજી જેની સેવા સેવક કરી રહ્યો છે તે સ્વાનુભવતા જતાવે છે. (વધુ શ્રીઠાકોરજીને પ્રિય શું છે? તે લેખમાં સમજાવ્યું છે.)

☞ **સંપ્રદાય સારઃ** પુષ્ટિ અસ્મિતા ઉપર વિચાર કરીએ તો (૧) આપણે આપણી સત્તાનું શુધ્ધ દ્રવ્યજ આપણાં ઠાકોરજીને આપણાં ઘરમાં ધરવું જોઈએ. (૨) સ્વેચ્છાએ કોઈ આપે અને લઈએ છીએ તો અથવા મનોરથના નામે માંગીયે તે **'લૌકિક વ્યવહાર'** હોવાથી **શ્રીઠાકોરજી અંગીકાર કરતા નથી** અને અનમના બિરાજે છે. કેમકે આપણા દ્વારા થતી આવી ક્રિયા **શ્રીઠાકોરજીને તેમની સ્વામી હોવાની અસ્મિતાને ખંડિત કરનારી લાગે છે.** (જ્યારે શાસ્ત્ર આજ્ઞા પ્રમાણે શિષ્ય, ગુરુને ચરણ સ્પર્શ કરી ભેટ ધરે છે ત્યારે તે આવી શાસ્ત્ર સંમત **શુદ્ધ ક્રિયા અને દ્રવ્ય હોવાથી** આ દોષ ગુરુને લાગતો નથી - **શ્રીપુરુષોત્તમજી (લેખવાળા) સુરતના જણાવે છે કે ગુરુએ તેનાથી જ પોતાની ગૃહસ્થી નિભાવવાની હોય છે તેવું શાસ્ત્ર વચન છે.**) (૩) વાર્તામાં આવે છે કે વૈષ્ણવ, કાર્યાર્થે જતા અથવા ચૂટકી માંગવા જતા ત્યારે કંઠી, માળા, તિલક જેવા ચિહ્નો છૂપાવી દેતા. આ તિલક અને કંઠી વૈષ્ણવતાનો દેખાડો કરવા માટે નહીં પણ સંપ્રદાયનાં સિધ્ધાંતને આચરણમાં મૂકવા માટે અને શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મસંબંધ કરાવીને આપણામાં મુકેલ અસ્મિતાને દ્રઢ કરવા માટે છે. (૪) બ્રહ્મસંબંધ અંતર્ગત આપણને એવો કોઈ અધિકાર શ્રીઠાકોરજી કે શ્રીમહાપ્રભુજી આપતા નથી કે આપણે લોકાર્થી બની, બીજાની

સત્તાનું લઈએ, અથવા **તેમને શરમમાં નાખીને**, કે એવું કહીને **'શ્રીઠાકોરજીનુ સુખ વિચારીયે છીયે માટે આપો'** કહીને માંગીએ તો આવું કરવાથી **શ્રીઠાકોરજીની અસ્મિતા ઘવાય છે** શ્રીઠાકોરજી વિચારે છે કે - હું કયાં આ સેવકને માથે સેવા અંગીકાર કરવા પધાર્યો કે, **તેને મારા નામે ભીખ માંગવી પડે?**

આજ વાત ૮૪ વૈષ્ણવોની વાર્તામાં **શ્રીમહાપ્રભુજીનાં સેવક ગોપાલદાસ ક્ષત્રી નરોડાનાં** વાર્તા ક્ર. ૭૯માં આવે છે, એકવાર શ્રીમહાપ્રભુજી નરોડા ગોપાલદાસને ઘરે પધાર્યા છે ગોપાલદાસ હતા નહીં, દીકરો ઘરમાં હતો. તેને પૂછ્યું કે ગોપાલદાસ ક્યાં ગયા છે? પ્રત્યુત્તરમાં તેણે કહ્યું **'શ્રીઠાકોરજીની સેવા માટે ગયા છે'** શ્રીમહાપ્રભુજીને બહુ જ ખરાબ લાગ્યું, મનમાં વિચાર્યુ કે અહિંયા રહેવું ઉચિત નથી કેમકે, પોતાના કામ માટે-જાય ત્યાં શ્રીઠાકોરજીની સેવા આગળ કરે'. પછી વિચાર્યુ ગોપાલદાસને આવવા દો તે શું કહે છે તે જોઈએ. ગોપાલદાસ આવ્યા તેમને શ્રીમહાપ્રભુજીએ પૂછ્યું 'તું ક્યાં ગયો હતો?' ગોપાલદાસે જવાબ આપ્યો **'મહારાજ! પેટ લાગ્યું છે તેથી વ્યાવૃત્તિ માટે ગયો હતો'** આ જવાબથી શ્રીમહાપ્રભુજી ખૂબ જ પ્રસન્ન થયાં.

વાર્તાનાં ભાવપ્રકાશમાં **શ્રીહરિરાયજી જણાવે છે** - વ્યાવૃત્તિ જેવા લૌકિક કાર્ય માટે - કમાવવા માટે - પૈસા ભેગા કરવા માટે - **શ્રીઠાકોરજીનું નામ આગળ ન કરવું** - ભગવદ ધર્મ આગળ ન કરવો. **જે ખરાબ જીવ હશે તે પોતાની બડાઈ માટે કે લૌકિક લાભ અને પૂજા (વાહવાહી) માટે ભગવદ સેવાનું નામ આગળ કરશે.** (આજ વાત ભગવદ ચિન્હ માળા, તિલક માટે પણ વિચારી શકાય.)

☞ **વિચારણીયઃ** અમારા એક સત્સંગી ભાઈની કાપડની દુકાન છે, જે વૈષ્ણવ ઘરાકને ખબર પડે કે દુકાનદાર પણ વૈષ્ણવ છે, તે ખરીદી કરવા તેમને ત્યાં આવે ત્યારે ખાસ કંઠી બહાર કાઢે અને કહે શ્રીઠાકોરજી માટે અમુક પ્રકારનું કપડું જોઈએ છે તેમ કહીને ભાવ

પૂછી અન્ય જોઈતા બીજા કપડાના ભાવમાં રક ઝક કરે ભાવમાં આનાકાની કરે વગેરે..... **આવું કરવાથી તો આપણે 'વૈષ્ણવતા વેચી' કહેવાય.** ઘણાં કપાળમાં તિલક કરીને કે કંઠી બતાવીને, કે 'જયશ્રી કૃષ્ણ' કહીને, ધંધામાં પ્રવૃત્ત થાય ત્યારે, પણ વૈષ્ણવતા વેચી કહેવાય. જો આપણી ક્રિયા લૌકિક લાભ-સ્વાર્થ વાળી હશે તો આપણી પુષ્ટિઅસ્મિતા પ્રવાહી બની જશે. અને આપણે બહિર્મુખ થઈ જઈશું. (અહિંયા તિલક ન કરવું તેવો અર્થ નથી પણ આપણાં વર્તન અને ભાવ તિલક કંઠી સાથે કેવા રાખવા તે સમજવું જરૂરી છે. બને તો લૌકિક વ્યવહારમાં આ છૂપાવવા તે ઉત્તમ પ્રકાર છે.)

હવે ઉદાહરણ રૂપે જોઈએ બાળક જ્યારે માઁ ના પેટમાં હોય છે ત્યારે તે બાળક લાતો મારતું હોય છે, માઁ તેને વાત્સલ્ય ભાવથી પ્રેમથી સહન કરે છે અને તેની ક્રીડાનો આનંદ લે છે. એ જ બાળક ખોળામાં માઁ નુ દૂધ પીતા લાતો મારતુ હોય ત્યારે તેનો પણ આનંદ તે માતા આનંદથી વ્હાલ કરીને લેતી હોય છે. જયારે આ બાળક પાંચ દસ વર્ષનું થાય ત્યારે લાત મારે તો, શિક્ષારૂપે તેને થપ્પડ મારે છે ગુસ્સે થાય છે. પરંતુ ત્રીસ-બત્રીસ વર્ષનો તે પુત્ર લાત મારે ત્યારે માઁ ને પોતાને આવા છોકરાની **માઁ હોવાની અસ્મિતા અનેક રીતે ખંડિત થતી લાગે છે.** તે દિકરા માટે તેનામાં નફરત જ પેદા થાય છે.

અહિંયા બાળકની, માઁ સાથેની ક્રિયા એક જ છે પણ તેની વય મર્યાદા બુદ્ધિ અને સમજણ મુખ્ય ભાગ ભજવે છે. એ જ રીતે દાસ-સેવક કે ભકત દ્વારા થતી ભકિતની ક્રિયા જેમાં ભાવ - સ્નેહ - ગોરસ વાણીની જગ્યાએ, **લૌકિક ધંધાર્થી કે સ્વાર્થયુકત પ્રયાસ હોય તો તે ભકિત શ્રીઠાકોરજીની સ્વામી હોવાની અસ્મિતા ખંડિત. કરે છે.** અને ફલ સ્વરૂપે તે જીવ સંપ્રદાયમાંથી બહિર્મુખ - પ્રવાહિ થઈ જાય છે.

શ્રીમહાપ્રભુજી પણ દુ:ખી થઈ જાય **'મેં કેવાને દીક્ષા આપી** અને શ્રીઠાકોરજી પધરાવ્યા જેના કારણે **શ્રીઠાકોરજીની અસ્મિતા ખંડિત થઈ.'**

આ અસ્મિતા જાગૃત થાય માટે નાચીને, ગાઈને આનંદ લઈ શકીએ તેવા શ્રીદયારામભાઈના પદો, પૂ.પા.ગો. શ્રીશ્યામમનોહરજીની રચનાઓ અને પુષ્ટિપાઠાવલી (જેમાં શ્રીમહાપ્રભુજીના, અને અન્ય પ્રાચીન ગોસ્વામી બાળકોના રચિત નિત્યાનિયમના ગ્રંથો, આપશ્રીના ઉચ્ચાર સાથે, એમ.પી.૩માં અંકિત છે.)

વધાઈ વધાઈ વધાઈ

પૂ.પા.ગો. શ્રીશ્યામમનોહરજી (વિલેપારલા-મુંબઈ-કિશનગઢ)ની અધ્યક્ષતામાં

‘પુષ્ટિમાર્ગીય ચિંતન શિબિર’

૩જું ચરણ - રાજકોટ

રેસકોર્સ ગ્રાઉન્ડ તારીખ ૧૫-૧૬-૧૭-૧૮ નવેમ્બર ૨૦૦૮ના રોજ નિર્ધારીત કરેલ છે. આ પ્રસંગે અનેક ગોસ્વામી બાળકો પધારશે.

વધુ જાણકારી માટે અને આ પુષ્ટિઅસ્મિતા વર્ધક સંમેલનનો લાભ લેવા અમારા રાજકોટ કેન્દ્રનાં (✻) પ્રવિણભાઈ દઢાણિયાનો સંપર્ક કરવો. (✻ છેલ્લા પાના ઉપર જુઓ)

આ પુસ્તકમાં જે ધોળ પદ ગરબીઓ રજૂ થઈ છે તેની **એમ.પી.૩ સીડી** જેની પડતર ન્યોછાવર રુપિયા ૧૫-૦૦ ન છુટકે રાખવી પડી છે. જેથી જેને તે **સાંભળવાની વગાડવાની અનુકૂળતા હોય** અને આગ્રહ હોય તો તે વૈષ્ણવ નજીકના સેવાભાવી કાર્યકર વૈષ્ણવોને ત્યાં આગળથી ફોન કરી પધરાવી શકે છે. જેની વધુ જાણકારી છેલ્લા પાના ઉપર છે.

એમ.પી.૩ માર્ગદર્શિકા

૧ - ઓ વલ્લભ હવે ઠાકોરજી નથી થાવું

શ્રીવલ્લભના ન્યાયાલયનો ફેંસલો

ન્યાયાધીશ : શ્રીવલ્લભ
વાદી ફરીયાદ કરનાર : શ્રીકૃષ્ણ
પ્રતિવાદીઃ અમે ગોસ્વામી બાળકો (અમે ગો.બા.)

– પ્રેષક ગોસ્વામી શ્રી શ્યામમનોહરજી

બ્રહ્મસંબંધી જીવ - શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે જીવન નથી જીવતો ત્યારે, વાદી (શ્રીઠાકોરજી) તેની ફરીયાદ શ્રીમહાપ્રભુજીને કેવી કરી રહ્યા છે તેનું વર્ણન, પ્રતિવાદી (અમે ગોસ્વામી બાળકો) ની દલીલો અને ન્યાયાધીશ શ્રી વલ્લભના, (પુષ્ટિ સંપ્રદાયમાં) ન્યાયાલયમાં અપાયેલો ચૂકાદો પૂ.પા.ગો. શ્રીશ્યામમનોહરજીએ પોતાના શબ્દોમાં અક્ષરસઃ રજુ કર્યો છે તે **'વલ્લભ મારે ઠાકોરજી નથી થાવું....** તે જોઈએ.

શ્રી કૃષ્ણઃ પુષ્ટિ મારગમાં તમારી કાની થી માન્યું તુ ઠાકોરજી થાવું
ઓ વલ્લભ હવે ઠાકોરજી નથી થાવું (૨)

શ્રી વલ્લભઃ એ નંદના લાલ અને યશોદાનાં લાડકડા (૨)
કેમ નથી ગમતું થાવું....કહો.....(૨)

શ્રી કૃષ્ણઃ કોઈ ભજે ના હવે પુષ્ટિના ભાવથી*
શીદને ઠાકોરજી હવે થાવું, ઓ વલ્લભ મારે....
(*પુષ્ટિનો ભાવ પોતાના ઘરમાં પોતાના માથે બિરાજતા ઠાકોરજીની પોતાના દ્રવ્યથી જ સેવા કરવી તે)
શ્રી કૃષ્ણઃ પારકે પૈસે ને નોકરોનાં કરથી ભાવનો કરે છે ભોપાળો
એ ભકતો બધા ભાવનો કરે છે ભોપાળો

ઘરમાં ભજે નહીં જાહેર મેળાવડામાં (૨)
સેવાનો કરે છે ભવાડો ઓ વલ્લભ મુને.....

નિચ્છલ સ્નેહથી ભજે નહીં કોઈ મુને
દુઃખનો થયો છે ઉપાડો
ઓ! વલ્લભ મારા દુઃખોનો થયો છે ઉપાડો

પોતાને ગમે છે વીડિયો દૂરદર્શન મને
રાખે પ્રદર્શનમાં ઠાડો....... ઓ વલ્લભ મારે

અમે પારકું માખણ ગોકુળિયામાં ચોરીને
ગો.બાઃ બહુ ગમતું હતું ખાવું,
કેટલા મનોરથી ઉભા કર્યા અમે
હવે 'કેમ ગમતું નથી ખાવું?' કહોને હવે.....

શ્રીકૃષ્ણઃ પોતાનું મહીડું વલોવી સંતાડે ને
અને પોતે સંતાઈ જુવે મુખડું♦
એ વલ્લભ મારા પોતે સંતાઈ જુવે મુખડું (૨)

(♦પોતાનુ માખણ પોતે વલોવીને મારા દર્શન થાય તેવો મનોરથ કરી સંતાઈ જતા)

શ્રીકૃષ્ણઃ હૈડામાં લગીરે હોંશ નથી દર્શનની
ગામને તેડાવે એ દુઃખડું....
વલ્લભ મારે ઠાકોરજી નથી થાવું.

શ્રીકૃષ્ણઃ દર્શનો ખોલીને એ આરતી ઉતરાવે
હૈયામાં આરતી ન લાવે
એ વલ્લભ તેઓ હૈયામાં આરતી ન લાવે....

શ્રીકૃષ્ણઃ એ..... એ..... રાજભોગ મંગલાનાં (૨)
નોંધે મનોરથો પોતે ના કોઈ દી ધરાવે

ઓ વલ્લભ મુને ઠાકોરજી નથી થાવું

અમે પત્ર ફલ ફુલ જલ કરે જે સમર્પણ
ગો.બાઃ તે મને ગમે છે ખાવું♥ (૨)
કુનવારામાં, ખીર લાડુને મઠડી મનોરથીથી સમર્પાવું
કહોને હવે કેમ નથી ગમતું ખાવું?

(♥આપે ગીતાજીમાંકહ્યું હતું કે પત્ર ફલ ફૂલ જલ મને જે - જ્યાં સમર્પણ કરે છે તે હું અંગીકાર કરું છું. તો કેમ હવે તે પાળતા નથી તેવો ભાવ છે.)

શ્રી કૃષ્ણઃ લક્ષ્મીના નાથ અને દેવાધિ દેવ તોયે
ભીખ વીના ભોગ ન લાગે મને... (૨)
ઓ વલ્લભ મારા ભીખ વીના ભોગ ન લાગે
દેવતાઓ સૌ મારી ઠેકડી ઉડાવે★ (૨)
મારા મનડાની લાજના ભાંગે
ઓ વલ્લભ મારા ઠાકોરજી નથી થાવું

(★ ઠાકોરજીની ફરીયાદ એ છે કે, દેવતાઓ બધા મને એમ કહે છે તમે લક્ષ્મી સાથે પરણ્યા છો તો યે તમારા સેવકો - ભકતો તમારી સેવા માટે ભીખ માંગે છે ઠાકોરજીને આ દુઃખ છે. – શ્રીશ્યામ મનોહરજી)

શ્રીકૃષ્ણઃ મનોરથો માટે નાણા ઉઘરાવે તેનો પરસાદ પાછો વેંચે
ઓ વલ્લભ મારા તેનો પરસાદ પાછો વેંચે
નાણા પોતાના ગાંઠથી ન ખરચે
એવા ધંધામાં મુજને સંડોવે
ઓ વલ્લભ મારા ઠાકોરજી નથી થાવું.....

અમે મહીંડા વેચવા જાતી ગોવાલણ
ગો.બાઃ ગોવિંદો લ્યોને કહી વેચે ♣દાણતો તેમનાથી
ઝૂંટવીને લીધું ને આ ધંધાથી કેમ મન ખેંચે? (૨)

♣(એવો શ્રીઠાકોરજી ઉપર આજે આક્ષેપ થયો છે કે દાણ તો તેમણે ઝૂંટવી ને

લીધું અને 'ધંધાથી કેમ ખેંચે છે? **અમે તો પ્રસાદ વેચીયે છીયે** એ ગોવાલણ તો ખુદ ગોવિંદાને જ વેચતી હતી. - શ્રી શ્યામ મનોહરજી)

શ્રી કૃષ્ણઃ **મહીડાં વેચવા જાતી ગોવાલણનું મન મારામાં જ અટકે**
ઓ વલ્લભ મારા મન મારામાં જ અટકે ※....
'એ.... ગોવિંદો લ્યોને કોઈ'.....
ગોવિંદો લ્યોને એના કહેવાને લટકે
વેચાવું ભરાઈ તેના મટકે, ઓ વલ્લભ મુને......

(※મહીડા - દહીં વેચવા જાતી ગોવાલણનું મન શ્રીઠાકોરજીમાં એટલું પરોવાયેલું છે કે તે ભાન ભૂલીને દહીં લ્યો દહીં લ્યો કહેવાને બદલે ગોવિંદ લ્યો ગોવિંદ લ્યો કહે છે તે લટકાથી હું તેની મટકીમાં સંતાઉ છું - વાળો ભાવ છે)

શ્રી કૃષ્ણઃ **'શ્રી'ના નાથમાં ચીતડું ચોંટે નહીં**
ચિત ચોંટે મારી 'શ્રી'માં
ઓ વલ્લભ મારા ચિત ચોંટે મારી 'શ્રી'માં
એ.... 'એવા રાવણો'; નેગ ભોગ ધરાવે
ન ભાવે તે ભાવ સામગ્રીમાં, એ વલ્લભ મારા......

(શ્રી એટલે લક્ષ્મી)

શ્રી કૃષ્ણઃ **પોતાનાં તન-મન-ધનથી પોતાના ઘરમાં**
ભજવાની સાચી હતી રીતિ
નેગ ભોગનાં નાણાકીય ભાવો બાંધ્યા
તેમાં વણસી મુજ ભાવનાની પ્રિતિ
ઓ વલ્લભ મારે ઠાકોરજી નથી થાવું

શ્રી વલ્લભનો ચુકાદોઃ

તો રાજ તમે 'પુષ્ટિ જીવોને' ✻ ત્યાં બિરાજો (૪)
નંદના લાલ અને યશોદાનાં લાડકડા
તમે પુષ્ટિ જીવોને ત્યાં બિરાજો.
પ્રભુ તમે પુષ્ટિ જીવોને ત્યાં બિરાજો.

(*એવા બ્રહ્મસંબંધી જીવો જે, પોતાના દ્રવ્યથી, પોતે જ પોતાના ઘરમાં સેવા, સમર્પણના ભાવથી કરતા હોય તેમને ત્યાં બિરાજવાનું સૂચન અહીંયા કરેલું છે)

☞ **સંપ્રદાય સારઃ** સંપ્રદાય અંતર્ગત એવું જોવામાં આવ્યું છે કે બ્રહ્મસંબંધી જીવ જયારે વિરુદ્ધાચરણ કરે છે ત્યારે ફરીયાદ તો શ્રીઠાકોરજીએ શ્રીમહાપ્રભુજીને કે શ્રીગુસાંઈજીને જ કરી છે કેમકે **આપ જ સંપ્રદાયનાં ગુરૂ છે**

ઉદાહરણ રૂપે (૧) ૮૪ વૈષ્ણવની વાર્તા ક્રમાંક ૧૧ ભટ્ટાજી માટે શ્રીઠાકોરજી શ્રીમહાપ્રભુજીને જણાવે છે કે, તમારો સેવક મને બહુ ખીજવે છે..... સંકલન ૨માં પાનું ૪૪ માં જુઓ)

(૨) નીજવાર્તા ઘરુવાર્તામાં શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજીને શ્રીઠાકોરજી (તેમનાં વંશજો માટે) જણાવે છે ‘મૈં વાકો બહોત દંડ દેતો પરી આપકો વંશજ જાનકે જાન દેત હોં’

(૩) કાંકરોલીના ઈતિહાસમાં પ્રમાણ છે કે, શ્રીગુસાંઈજીનાં ત્રીજા લાલ - શ્રીબાલકૃષ્ણજીના વંશમાં એક ગોસ્વામી બાલકે પોતાની જીભ ઉપર ‘સરસ્વતી મંત્ર’ કાશી જઈને લખાવ્યો છે. તેમનો શુદ્ધ હેતુ શ્રીમહાપ્રભુજીનાં ગ્રંથો અને શાસ્ત્ર વચનો કંઠસ્થ થઈ જાય તો વાદી-પ્રતિસ્પર્ધી સાથે શાસ્ત્રાર્થ કરી હરાવી શકે અને શ્રીમહાપ્રભુજીનાં વચનોને પ્રમાણોને જગત સમક્ષ મૂકી શકે તે જ હતો.

છતાં પણ શ્રીઠાકોરજીએ તેને અન્યાશ્રય જ ગણ્યો છે. જયારે તેઓ કાશીથી પોતાના ઘરે પધારતા હતા ત્યારે તેમનાં પિતાશ્રીને **શ્રીદ્વારકાધીશજી પ્રભુએ જણાવ્યું કે** ‘કાશીથી તમારા લાલ આવી રહ્યા છે જેણે અન્યાશ્રય કર્યો છે મેં તેનો ત્યાગ કર્યો છે. એ જો અહીંયા પધારશે તો હું બીરાજીશ નહીં - પધારી જઈશ.’ તેમના પિતાશ્રીએ તે બાળકનો ત્યાગ કર્યો છે.

આમ શ્રીઠાકોરજીનો આગ્રહ એ જ છે કે બ્રહ્મસંબંધી જીવોએ શ્રીમહાપ્રભુજીની, શ્રીગુસાંઈજીની જ આજ્ઞાનું પાલન કરી (ગૃહસેવા પોતાના ઘરમાં પોતાનાં ધનથી અનન્ય આશ્રય રાખી કરે તો જ તે) બ્રહ્મસંબંધને સાર્થક કરે. જેના ફલ સ્વરૂપે સેવકમાં **દાસભાવની**

અસ્મિતા અને શ્રીઠાકોરજીમાં **સ્વામી ભાવની અસ્મિતા** પ્રગટ થાય છે.

૨ - ઉપહાર વચન (ભાગ - ૧)

જયતિ શ્રીવલ્લભાર્યો જયતિ ચ વિઠ્ઠલેશ્વરઃ પ્રભુઃ શ્રીમાન્ ।
પુરુષોત્તમશ્ચ તૈશ્ચ નિર્દિષ્ટા પુષ્ટિપદ્ધતિર્જયતિ ॥

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યે જે ધર્મસંપ્રદાય પ્રવર્તિત કર્યો તેને આપણે ‘પુષ્ટિમાર્ગ’ તરીકે પિછાણીએ છીએ. પુષ્ટિમાર્ગ એટલે પરમાત્માની કોઈક દિવ્યકૃપા ઉપર એવી અનેરી નિષ્ઠા રાખવાનો માર્ગ કે જે નિષ્ઠાને કારણે જીવાત્મા આ લોક કે પરલોક ની કોઈપણ જાતની અપેક્ષા પરમાત્મા પાસેથી રાખ્યા વિના તેની નિસ્છલ-નિષ્કામ ભક્તિ અને શરણાગતિ કરવા સમર્થ બની શકે છે.

પુષ્ટિમાર્ગી કોણ બની શકે? કોઈપણ! તે પછી સ્ત્રી હોય કે પુરુષ, વૃદ્ધ હોય કે યુવા, ધનવાન હોય કે નિર્ધન, જ્ઞાની હોય કે અજ્ઞાની, ગૃહસ્થ હોય કે સંન્યાસી, બ્રાહ્મણ હોય કે શૂદ્ર અથવા તો ભારતીય હોય કે અભારતીય, કોઈપણ વ્યક્તિ પુષ્ટિમાર્ગી હોઈ શકે છે. છતાંય સાચા અર્થમાં દરેક વ્યક્તિ પુષ્ટિમાર્ગી બની નથી શકતી. ‘પુષ્ટિ અસ્મિતા’ કેસેટ હકીકતમાં તો મહાપ્રભુના સિદ્ધાંતોનો જ ગેય ગીતોમાં એક સસ્નેહ ઉપહાર છે, તેઓને કે જેઓ પુષ્ટિમાર્ગને તેના સાચા અર્થમાં અનુસરવા માંગે છે.

મહાપ્રભુ સુબોધિનીમાં કહે છે કે ભગવાનના નામગુણલીલાનું શ્રવણ તેમના કીર્તન કરી શકવાની સામર્થ્યમાં ખીલી ઊઠે એવા પ્રકારે કરવું જોઈએ. કીર્તન પણ અંતે અખંડ સ્મરણમાં ખીલી ઊઠે તેવા પ્રકારે કરવું જોઈએ. ભગવાનના નામગુણલીલાની માફક મહાપ્રભુના સિદ્ધાંતોનું શ્રવણ–કીર્તન–સ્મરણ પણ ઉત્તરોત્તર ફલાવસ્થામાં વિકસિત થવું જોઈએ. એક એવું આહલાદક અખંડ સ્મરણ કે જેની મસ્તીમાં પુષ્ટિભકતો આપોઆપ નાચવા-ગાવા મંડે. **‘વિલજય**

ઉદ્‌ગાયતિ નૃત્યતે ચ મદ્‌ભકિતયુકતો ભુવનં પુનાતિ.’ તેથી પુષ્ટિમાર્ગીઓ આ પુષ્ટિઅસ્મિતાના સસ્નેહ ઉપહારને નાચી–ગાઈને વધાવી શકે તેવી મંગલ આશા સાથે....

૩ - મૌન ધર્યું છે (ગો. શ્યા.મ.)

મૌન ધર્યું છે સિદ્ધાન્તો શીખવવા
મઠડી ધરી છે મનોરથીને રીઝવવા.
છપ્પનભોગ ધર્યા છે પુષ્ટિપ્રભુને
કુષ્ટ પ્રવાહીઓને પુષ્ટિમાં સંકેલવા.
ભક્તોના સેવ્યની ઘટાડી પુરુષોત્તમતા
પોતાના સેવ્ય માટે દ્રવ્ય તેનું યોજવા.
વ્રજ યાત્રામાં આપી પાંચતારા સગવડો
દૈવી ડોલરનો દુરુપયોગ રોકવા.
ગ્રંથો છે રાખ્યા કબાટોમાં ભરીભરી✻
ઉધઈઓની બુદ્ધિને સુધારવા.
દીનાનાથ દયાળુ જગતગુરુ
કીધી છે આરતી ભકિતને ઝંખવવા.

(✻પ્રાચીન હસ્ત લીખીત પુસ્તકો જેનું અધ્યયન ન થયું અને સરસ્વતી ભંડારના કબાટોમાં ઘણી પ્રતોને ઉધઈઓ ખાઈ ગઈ શું તેથી તેમની બુદ્ધિ સુધરે ખરી?)

૪ - અમે એવા રે એવા.... (એક પુષ્ટિમાર્ગી)

પુષ્ટિ અસ્મિતાના આ ગાનની કડીઓના આધારરૂપ શ્રીમહાપ્રભુજીના વચનોઃ

અમે એવા રે અમે એવા રે, વળી તમે જે કાંઈ કહો તેવા રે
નિષ્ઠાથી વલ્લભની વાણી અનુસરતા અમને બહિર્મુખ કહો છો તો તેવા રે.
અમે એવા રે અમે એવા રે, વળી બીજું જે કાંઈ કહો તેવા રે. (૧)

નિષ્ઠાભાવે ફલં તસ્માક્ષાસ્ત્યેવેતિ વિનિશ્ચયઃ નિષ્ઠા ચ સાધનૈરેવ
ન મનોરથવાર્તયા (નિ. ૧/૧૮)

મેવા મેળવવા પ્રભુને નથી સેવતા, મેવાથી કરવી પ્રભુસેવા રે,
અમે એવા રે અમે એવા રે, વળી તમે જે કાંઈ કહો તેવા રે. . . (૨)

યસ્તુ સ્વાર્થ ભગવન્તં સેવતે સો અધમઃ (સુબો. ૨/૯/૧૯).
યદૈવ કૃષ્ણો રોચતે તદૈવ વિષયાઃ ન રોચન્તે. (સુબો. ૧/૬/૨૭).

વાડીઓમાં ભક્તિના ભવાડા ગોઠવીને, કૃષ્ણવિક્રયના ધન નથી લેવા રે,
નથી લેવા રે અમે એવા રે, વળી તમે જે કાંઈ કહો તેવા રે. . . . . .(૩)

ગુપ્તો હિ રસઃ રસત્વમાપદ્યતે. અગુપ્તસ્તુ રસાભાસ સ્યાત્.
(સુબો. ૧૦/૧૮/૫) (સુબો. ૧૦/૫૬/૪૪)

લક્ષ્મીના નાથના નામે ભીખ માંગી, નથી કરવા મનોરથો એવા રે,
અમે એવા રે અમે એવા રે, વળી તમે જે કાંઈ કહો તેવા રે. . . (૪)

લક્ષ્મીકલત્રાય કિમસ્તિ દેયમ. (નિ. ૧/૧).

દેવનું છે દ્રવ્ય તે પ્રસાદ નથી લેતા, જેઓ લેતા હોય તે વૈષ્ણવો કેવા રે,
તેઓ કેવા રે.. અમે એવા રે, વળી તમે જે કાંઈ કહો તેવા રે. . . . .(૫)

જો ઠાકુરજીકો દ્રવ્ય ખાયેગો સો મેરો નાહિ ઓર મેરો સેવક ભગવદીય હોયગો સો દેવદ્રવ્ય કબહુ ન ખાયગો, જો ખાયગો સો
મહાપતિત હોયગો (નિજવાર્તા).

ભાગવતથી ભંડોળ ભેગું કરવા, વડીલો તો નથી ધુંધુકારી જેવા રે,
તેઓ કેવા રે અમે એવા રે વળી તમે જે કાંઈ કહો તેવા રે. . . (૬)

પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતં વૃત્યર્થં નૈવ યુંજીત પ્રાણૈઃ કંઠગતૈરપિ.
(નિ. ૨/૨૫૩ - ૪, પદ્મનાભદાસજીની વાર્તા).

નાણાકીય ભાવો બાંધ્યા સેવા સામગ્રીના, પુષ્ટિપ્રભુને નથી ત્યાં લેવા દેવા રે,
લેવા દેવા રે, અમે એવા રે, વળી તમે જે કાંઈ કહો તેવા રે. . . . .(૭)

ધનાભિનિવિષ્ટચિત્તાઃ ન ભગવત્સંમુખા ભવન્તિ, બાલા એવ તે સ્તનપાનવ્યગ્રા માતરમેવ મન્યન્તે (સુબો. ૩-૧૬-૨૦). લોકપદેન લૌકિકો અર્થો ઉચ્યતે તદર્થી ચેત્, કૃષ્ણં ભજેત્, તદા વ્યાપારવદ્ અર્થે સિદ્ધે તસ્યાપિ અનર્થરૂપત્વેન તત્કૃતં સર્વં કલેશરૂપમેવ (સિ.મુ.પ્ર. ૧૬-૧૭).

ગૂઢરસ ભાવરૂપ ઘરમાં જ સેવ્ય (પ્રભુ), નથી જાહેર કરવા જેવા રે,
તે તો એવા રે તે તો એવા રે, વળી તમે જે કાંઈ કહો તેવા રે. (૮)

એતેન યાવદ્ અન્તઃકરણે સાક્ષાત્ પ્રભોઃ પ્રાકટ્યં નાસ્તિ તાવદેવ બહિરાવિષ્કરણં ભવતિ (અણુભા. ૩/૪/૪૯).

પોતાના તનથી ને પોતાના ધનથી, ઘરમાં કરવી છે કૃષ્ણસેવા રે,
કૃષ્ણસેવા રે અમે એવા રે, વળી તમે જે કાંઈ કહો તેવા રે. . (૯)

તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા (સિ.મુ. ૨.) બીજદાર્ઢ્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા... ભજેત કૃષ્ણમ્. (ભ.વ. ૨.) (શ્રીમહાપ્રભુજીની આજ્ઞા અબ ઘર જાઈકે સેવા કરો)

વલ્લભની વાણી પુષ્ટિજીવો કેમ વીસરે, અમને પડ્યા નથી એવા કાંઈ હેવા રે,
એવા હેવા રે અમે એવા રે, વળી તમે જે કાંઈ કહો તેવા રે. . . . . . (૧૦)

તસ્માત્ શ્રીવલ્લભાખ્ય ! ત્વદુદિતવચનાદન્યથા રૂપયંતિ ભ્રાંતા યે તે નિસર્ગીત્રિદશરિપુતયા કેવલાંધંતમોગાઃ (શ્રીવલ્લભાષ્ટક).

૫ - ભાગવત ભણીને* (શ્રી દયારામભાઈ)

ભાગવત ભણીને શું કીધું, ઓ ભાઈ રે તેં, ભાગવત ભણીને શું કીધું!
મારે જન્તુ અહિ મણિઅજવાળે, તેમ તેં ઉદર પોષિ લીધું. (૧)

પારસમણિનું પાત્ર પાણિમાં, ઘેર ઘેર ભિક્ષા માંગે
જ્યાં લગિ વસ્તુનું જ્ઞાન નથી ત્યાં લગિ, દુઃખ દારિદ્રય ના ભાંગે. (૨)

દુઝણિ ગાયને ગોતું માંડીને, પય જેમ પર લઈ જાય.
તેમ તું બોધ કરી પૂજા પામે, આપ ધાવ્ય કાંઈ થાય. (૩)

જેમ મલયાગર પોઠી લાદ્યો, તે સુગંધ શું જાણે?
જ્યાં લગિ સાર ન સમજ્યો ત્યાં લગિ, તું પણ તે જ પ્રમાણે. (૪)

રતિ-કૃષ્ણ, મતિ-ધર્મ, તોષ-મન, દયા અખિલ પર આવે.
ત્યારે હું જાણું કે ભાગવત ભણિયો, ગરવ આરિસા નાવે. (૫)

જર જશાદિ તૃષ્ણા મન જ્યાં લગિ, ત્યાં લગિ હરિ નવ રીઝે.
આટલા ઉદ્યમ તેમ એક એહો પણ, સુણી સમજુ નવ ખીજે. (૬)

‘દયા’ પ્રીતમ શ્રીજી-શ્રીભાગવત, એક જ રૂપ છે બંધે.
નિસ્પૃહ તેનો અભ્યાસ કરવાથી, જીવન્મુક્તિ ન સંધે. (૭)

(*સંકલન ૧ માં ભાવાર્થ સાથે આ સમજાવેલું છે.)

૬ - નથી ઘટવાનો તારો અઘેલો (ગો. શ્યા.મ.)

(સૂરદાસજીના પદના આધારે)

નથી ઘટવાનો તારો અઘેલો, નથી ઘટવાનો તારો અઘેલો
નંદનંદનને ઘરના ઠાકોર કરી, પોતે તું થા તેનો ચેલો.
ભલું થયું જે વધી સંપત્તિ તારી, ઘરનો ઘેર્યો છે મોટો ઘેરો.
બૈરી છોકરાઓનું જૂથ સંકેળીને, વૈભવ વધાર્યો તે અનેરો.
કૃષ્ણની સેવા કથા ઘરમાં જ કરીએ, તો કૃષ્ણભક્તોનો થાય ડેરો.
સર્વસ્વ શ્યામને સમરપિત કરીએ, તેને ‘સૂર’ કહે છે ‘મત મેરો’

૭ - પાવો પ્રેમરસ પ્રાણજીવન રે. (શ્રી દયારામભાઈ)

હે પાવો પ્રેમરસ પ્રાણજીવન રે, દીન થઈ યાચું રે
મુક્તિમાર્ગીને આપજો જ્ઞાન રે, હું તો નવ રાચું રે
રીઝે રાબડી થકી ગરીબ લોક રે, ભોગીને નવ ભાવે રે
અમો છું રાજના ખાસા ખવાસ, એ મુક્તિ મન ના આવે રે
નિત્ય નિરખિયે નટવર રૂપ રે, હોંશ હૈયામાંથી રે.
મન માન્યું મળે સહુ સુખ રે, તે એકતામાં ક્યાંથી રે.
દુષ્ટ જીવને કહે છે બ્રહ્મ રે, બ્રહ્મ જીવ લેખે રે,
છતે સ્વામીએ સોહાગણનું સુખ રે, એ સ્વપ્ને નહિ પેખે રે.
આપ સ્વામી સદા હું દાસ રે, નાતો નભાવો રે,
રુચે આપને કરું તેવી ટહેલ રે, અન્ય રખે ભાવો રે.
વિના લાલચનું લાલ મુંને વ્હાલ રે, અચલિત આપો રે.
વિષયવાસના પ્રપંચની પ્રીત, શ્રીકૃષ્ણ મારી કાપો રે.
અનન્ય સેવા અખંડ સત્સંગ રે, મનોહર માંગુ રે.
‘દયા’ પ્રીતમજી આપો મુને એહરે પાયલડી લાગુ રે.

૮ - લટકાળો શ્રીગિરિવરધારી (ગો. શ્યા.મ.)

લટકાળો શ્રીગિરિવરધારી કે નિસ્છલ ભકિતવિહારી
વલ્લભજન ને પુષ્ટિઅસ્મિતા આપે કૃપા વિચારી
પુરુષોત્તમ પ્રભુ પ્રાણસનેહી તેરે ચરણકમલ ચિતવારી
મનોરથપૂરણકારીરે ગાવો નાચો સહુ નરનારી.

(નિસ્છલ : છળ કપટ વગરનું)

૯ - ઉપહાર વચન (ભાગ - ૨)

જયતિ શ્રીવલ્લભાર્યો જયતિ ચ વિઠલેશ્વરઃ પ્રભુઃ શ્રીમાન્ ।
પુરુષોત્તમશ્ચ તૈશ્ચ નિર્દિષ્ટા પુષ્ટિપદ્ધતિર્જયતિ ॥

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યની તાત્વિક દૃષ્ટિ મુજબ આ સમગ્ર સૃષ્ટિ પરમાત્માની લીલા જ છે.

આ લીલાના અનુભાવને આપણે સહુ ચેતન પ્રાણીઓ સરખી રીતે પ્રકટ કરી શકીએ, સરખી રીતે ભજવી શકએ તેના માટે કેવા પ્રબળ ભાવો, અહંતા-મમતાના પરમેશ્વરે આપણી ભીતર ભર્યા છે!

ભગવદ્લીલાના ભાવને, જો ખરેખર માણવો હોય તો, આપણી અહંતા-મમતાથી શ્રેષ્ઠ, બીજું કાંઈ પણ વરદાન, આ ભૂતળ ઉપર હોઈ શકતું નથી. લીલાભાવથી પરન્તુ, આપણી કૃતિ, મતિ કે રતિ સ્પંદિત જ થવા સક્ષમ ન હોય તો તેના કરતાં મોટો કોઈ શાપ પણ આપણા જીવનમાં સંભવતો નથી.

આપણા દેશમાં પ્રકટ થયેલી દરેકેદરેક ધર્મસાધનાપ્રણાલી અંતે તો આપણી અહંતા-મમતાને, કાં તો સ્વસ્થ કાં નિર્મૂલ જ બનાવી દેવાના, આધ્યાત્મિક ઉપાયો છે. જ્યારે કે શ્રીમહાપ્રભુજીના મત મુજબ, આ જગતમાં જગદીશને શોધીને માણવાની ઝંખના, જો આપણી ચેતનામાં હોય, તો આપણી અહંતા-મમતાને આપોઆપ સ્વસ્થ બનેલી સમજી લેવી જોઈએ. જાગતિક વિષયાસકિતના

કાદવમાં ભગવદ્‌ભક્તિના કમળને ખીલવવા માંગતી આપણી અહંતા-મમતાનું જ બીજું નામ છે. 'પુષ્ટિ અસ્મિતા'. આથી વિપરીત, ભગવદ્‌ભક્તિના કમળમાં, વિષયાસક્તિના કાદવને માણનારી અહંતા-મમતાવાળી વિકૃત મનોવૃત્તિને 'પ્રવાહી અસ્મિતા' કહી શકાય.

પરબ્રહ્મ ભગવાન શ્રીકૃષ્ણની વ્યાપકતામાં કે વિરાટતામાં જગત અવસ્થિત છે. તેને અર્જુનની માફક દિવ્યદ્રષ્ટિ કેળવીને જાણી લેવું એક ઉચ્ચ કક્ષાની વાત હોય શકે, પણ તેથી કાંઈ જગતને માણવા મંડવું તે ભગવદ્‌ભક્તિનો પ્રકાર તો નથી જ. તેમજ આ ચરાચર જગતમાં વ્યાપી રહેલ પરમાત્માને ફક્ત જાણી લેવા કરતા માણવું પણ ઘણું જ જરૂરી છે. સુવા-જાગવાની, રમવા-જમવાની બધી જ દૈનિક જીવનચર્યામાં શ્રીકૃષ્ણતન્મયતા, વ્રજભક્તોની માફક, જો નભતી હોય તો તે પુષ્ટિભક્તિની પરાકાષ્ઠા છે, પરન્તુ તે શ્રીકૃષ્ણભક્તિ થકી સાંસારિક સુખોને માણવાસારું મનને રઝળતું મૂકવું તો, શ્રીહરિરાય મહાપ્રભુની શિક્ષાશ્લોકીમાં વર્ણવેલ, કેવળ બહિર્મુખતા જ છે.

આવા દિવ્ય લીલાભાવને આપણે માણી શકીએ તે માટે ભગવદ્‌ભજન અને ભગવદ્‌લીલા સ્મરણની આરાધનાપ્રણાલી શ્રીમહાપ્રભુજીએ ઉપદેશેલ હતી. કાળક્રમે આજે તે આજીવિકાના ઉપાર્જનની એક વિકૃત પ્રણાલીના રૂપે પાળવામાં આવી રહી છે.

આ બધી વાતોને વિચારતાં એવું લાગે છે કે દિવ્ય ભગવદ્‌લીલાનું વર્ણન કરતી ધોળ-પદ-ગરબીઓ કરતાં પણ સ્વધર્મોપદેશ આપનારી ધોળ-પદ-ગરબીઓની આજે તાતી જરૂરિયાત છે. આપણા સૌભાગ્યથી આવો એક સમૃદ્ધ ભંડાર આપણને આપણા મહાન ભક્તકવિ દયારામભાઈએ સોંપ્યો જ છે. તેને જો આપણે ગાતાં-નાચતાં-ગણગણતાં થઈએ તો કદાચ ફરીથી, આપણા પુષ્ટિપ્રભુને રીઝવવા પુષ્ટિભક્તોને છાજે તેવી શુદ્ધ સ્વસ્થ ભક્તિમયી અહંતા-મમતા આપણી બની શકે છે.

તો સહુ પુષ્ટિમાર્ગીઓ! 'પુષ્ટિ-અસ્મિતા ગીતમાળા'ના આ બીજા પુષ્પોપહારને સ્વીકારો! તેને એવી રીતે ગાઓ નાચો અને ગણગણાઓ કે તમારા હૃદયમાં બિરાજેલા રાધામાધવ તમારા સંપૂર્ણ વ્યક્તિત્વ કે તમારી સમગ્ર જીવન પ્રણાલીમાં ઝકઝોળ ઝલકવા માંડે...

ગોસ્વામી શ્યામ મનોહર

૧૦ - રાધા માધવ મનમાં (શ્રી દયારામભાઈ)

રાધા માધવ મનમાં વસ્યાંજી, જેને
રાધા માધવ મનમાં વસ્યાંજી. (ટેક)
આઠે પહોર તે આનંદમાં મહાલે,
તે પ્રાણીને પાતક નથી કશાંજી (૧)
સુખ સહુ આવી મળે સહેજે સમીપે,
કલેશ અમંગળ અળગાં વસ્યાંજી (૨)
કારજ સિદ્ધ થયાં સહુ તેનાં,
તીર્થ સહુ તેના પગમાં ધસ્યાંજી (૩)
પૂર્વજ તેના વસ્યા વૈકુંઠમાં,
માતપિતા ચૌદ લોકમાં લસ્યાંજી (૪)
તે સંતને સેવનારા સેવક પણ,
જાય નહીં કાલ સાપના ડસ્યાંજી (૫)
તે ભગવદીની નિંદા કરે તેનાં,
નિશ્ચે કર્મ લાહારે ધસ્યાંજી (૬)
તે ભગવદીનાં દર્શન માનો,
દયા પ્રીતમ શ્રીકૃષ્ણનાં જસાંજી (૭)

(પાતક - પાપ, લાહારે - બરબાદી પાયમાલ, ધસ્યાંજી - જોશથી આગળ જવું)

૧૧ - મનજી! મુસાફર રે! (શ્રી દયારામભાઈ)

મનજી! મુસાફર રે! ચાલોને નિજ દેશ ભણી,
મુલક ઘણા જોયા રે, મુસાફરી થઈ છે ઘણી (ટેક)

સ્વપુર જવાનો પંથ આવ્યો છે, રખે ભૂલતા ભાઈ,
ફરીને આ મારગ મળવો છે નહીં, એવી છે અવળાઈ,
માટે સમજી ચાલો સુધારે, નાં જાશો ડાબા કે જમણી ૧
વચ્ચે ફાંસીઆ વાટ મારવાને, બેઠા છે બે-ચાર,
માટે વળાવા રાખો બે ત્રણ કે, ત્યારે તેનો નહીં ભાર,
મળ્યો છે એક ભેદુ રે, બતાવી ગતિ સૌ તે તણી ૨
માલ વહોરો તો વહોરો શેઠના નામનો, જે કયહું
નાં થાય અટકાવ,
આપણો કરતાં જોખમ આવે, ફાવે દાણીનો દાવ-
માટે એટલા સારુ રે, નાં થાવું વહોરતના ધણી ૩
જો જો જુગત કરીને જાવું છે, કરજો સંભાળીને કામ,
દાસ દયાને એમ સુઝે છે, હાવાં જઈએ પોતાને ધામ
સૂઝે છે હાવાં એવું રે, અવધ થઈ છે આપણી.
(સ્વપુર - નિજધામ, સુધારે - સારા રસ્તે, ફાંસીયા - લુટારાનો એક પ્રકાર, દાણી - દાણ ઉઘરાવનાર, વહોરત - જોખમ, જુગત - યોગ્ય)

૧૨ - નિશ્ચયના મહેલમાં (શ્રી દયારામભાઈ)

નિશ્ચયના મહેલમાં, વસે મારો વહાલમો,
વસે વ્રજલાડીલો, જે રે જાય તે ઝાંખી પામે હે જીરે,
ભૂલ્યા ભમે તે બીજા સદનમાં શોધે રે,
હરિનાં મળે એકો ઠામે રે. નિશ્ચય (૧)
સતસંગ દેશમાં ભક્તિ નગર છે રે,
પ્રેમની પોળ પૂછી જાજો રે,
વિરહ તાપ પોળીઓને મળી મોહોલે પેસજો રે,
સેવા સીડી ચઢી જ ભેળાં થાજો રે. નિશ્ચય (૨)
દીનતાના પાત્રમાં, મન-મણિ મૂકીને,
ભેટ ભગવંતજીને કરજો રે,
હું ભાવ પુંભાવ નોછાવર કરીને,
શ્રીગિરિધરવર તમો વરજો રે. નિશ્ચય (૩)

એરે મંડાણનું મૂળ હરિ ઈચ્છા રે,
કૃપા વિના સિદ્ધિ નાં થાયે રે,
પણ શ્રી વલ્લભ શરણ થકી સહુ પડે સેહેલું રે,
દૈવી જન પ્રતિ દયો ગાયે રે. નિશ્ચય (૪)

(પોળીયા - ચોકીદાર દરવાન)

૧૩ - ભરરે બજારે (ગો. શ્યા.મ.)

ભરરે બજારે દેવલકપણું કીધું (૨)
મહાપ્રભુની કાન મેંટી દીધી
શોખ મોજની વસ્તુ ઘરમાં વસાવવા
ભક્તિની હકાલપટ્ટી કીધી (૨)
બધુ બ્રહ્મરૂપ પરદોષ નહીં જોવા
તે લીલાના કેમ જાણી લીધી
માર્ગનું રહસ્ય જે ના સમજે તેવી
ઘેલીને મારગમાં કોણે લીધી (૨)
મહાપ્રભુએ કહ્યું કે બધું બ્રહ્મ છે તે લીલાની વાત
તો જાણે છે કે નાં જાણે છે
શીક્ષા શ્લોકીમાં કહી જે જે વાત તેને
મોઢેથી કોરી વખાણે છે વખાણે છે (૨)
ભક્તિનાં ભંડોળી ભૂંડા ભવાડા કરી
નર્કનો એ ત્રાસ અમે ઝીલી લઈશું (૨)
ગોલોકનું સુખ કોકને મળે તો
પરોપકારથી ન ડગી જઈશું ન ડગી જઈશું
ગોકુલાધીશનાં પોતાનાં ઘરમાં જ
સેવા સમરણ અમે કરી લઈશું
ગોલોકનું સુખ લોકમાં ન મળે
પરલોક વિનાના નહિ મરી જઈશું, મરી જઈશું

(દેવલક પણુ - શાસ્ત્ર નિષેધનું આચરણ જેણે જીવનમાં મૂકયું છે તે ક્રિયા)

૧૪ - હરિ! મારું અંતર શુદ્ધ (શ્રી દયારામભાઈ)

હરિ! મારું અંતર શુદ્ધ કરો રે,
હરિ!, મારી નિર્મળ બુદ્ધિ કરો રે (ટેક)
હરિ!, મુને પ્રપંચ વિસરાવો રે,
મુજ મન નિજ છબી લોભાવો રે. (૧)
હરિ!, હું ભાવું એવો કરો રે,
હરિ!, મારા તન મન તાપ સમાવો રે. (૨)
હરિ!, મારી કુમતિ દુર કરો રે,
હરિ!, અંતર ભક્તિભાવ ધરો રે. (૩)
હરિ!, નિજની લીલા દર્શાવો રે,
નિશદિન સંતસંગતિ ભાવો રે. (૪)
હરિ!, મારું ચિત (નિજ) ચરણે રાખો રે,
દયો તું મારો શ્રીમુખે ભાખો રે. (૫)
(પ્રપંચ - જગત/દુનિયા/માયા, ભાખો - કહો, બોલો)

૧૫ - સદા શ્રીકૃષ્ણને સેવો (શ્રી દયારામભાઈ)

સદા શ્રીકૃષ્ણને સેવો રે, સમજી લો સુધો સિદ્ધાંત,
વાત કહું તે વિચારમાં લાવો, ભાંગો મનની ભ્રાંત. સદા... (ટેક)
સહુ બરાબર કૃષ્ણ છે, નથી કૃષ્ણ બરાબરા કોય,
સાગર છોળોને દ્રષ્ટાંતે શાણા સમજી જોય. સદા... (૧)
વિશ્વ ઠર્યું હરિરુપ એ રીતે સાચું સરવે કાળ,
ન્યારું નાતે ગોપાલથી, પણ ન્યારા ખરા ગોપાલ. સદા... (૨)
કાયાથી થઈ રહી કાયા સંબંધે, કાયા માંહે સમાયા,
કાયાથી છાયા, છાયાથી ન કાયા, કાયા કંઈ લહે છાયા. સદા... (૩)
મુખ ઈંદ્રિયો, થડ ને ડાળાં એમ હરિ સંસાર,
વૈષ્ણવ ભજ દયા કાંઈ ન બાકી, વેદ પુરાણ વિચાર. સદા... (૪)
(સાગર છોળોને .... સમુદ્રના મોજા અને સમુદ્ર બંને જુદા હોવા છતાં એક જ છે., ન્યારું - જુદું)

૧૬ - દરશન ઘોની (શ્રી દયારામભાઈ)

દરશન ઘોની રે દાસને, મારા ગુણનિધિ ગિરિધરલાલ,
નાથ નિવારો રે ત્રાસને, મુને આપ ઉપર અતિ વાહાલ. (૧)

શ્રીનટવરનંદન રે નંદના, ભાવે મુને મદનમનોહર રૂપ,
ચિત નાં ચોટે રે મારું, મુને અનુભવ વ્યાપક બ્રહ્મ અનૂરૂપ. (૨)
જપું નહીં અજપા રે જાપને, ગમે નાં સુણવો અનહદ નાદ,
યજ્ઞ સમાધિ રે નાં ગમે, નાં ગમે સ્વર્ગ મુક્તિના સ્વાદ. (૩)
અન્ય ઉપાસના રે નાં ગમે, વિના એક પૂરણ પુરુષોત્તમ,
ફિકાં લાગે રે સાધન સહુ, પડી મુને પ્રેમભક્તિમાં ગમ. (૪)
મુને શ્રીવલ્લભસુતરે ગુરુ ગમ્યા, સહુ વિધિ શ્રીકૃષ્ણજી સમાન,
જીવનાં સાધન રે નાં જુવે વહાલો નિજબળે કરે નિજાનંદદાન. (૫)
સરવ તપાસ્યું રે ફરી ફરી, કિ-ચિત કથહું નાં દીઠો સાર,
સુખ એક દીઠું રે સરવથી સેવા સ્મરણ નંદકુમાર. (૬)
શ્રીમહાપ્રભુની રે કહેણથી, મુજ પર રીઝો રાધાનાથ,
સમૂળ અવિદ્યા રે તો ટળે, હરિજી! ઝાલો મુજ હાથ. (૭)
શ્રીવૃંદાવનની રે કુંજમાં, જ્યાં જુગલકિશોર કરે વિલાસ,
દાસ દયાની રે વિનતિ, મુને દાસી કરી રાખો નિજ પાસ. (૮)
(નિવારો - દુર કરો)

૧૭ - એવી અચલ ભક્તિ તારી (શ્રી દયારામભાઈ)

એવી અચલ ભક્તિ તારી આપ મુને મોહન
કરુણાનિધિ ગિરિધારી રે
કાયા વાચા મનસાએ કરી,
સેવા કરૂં સદા હું તારી રે. (૧)
નેત્રે માહારે તું ને નખ શિખ નિરખું,
નોછાવર કરૂં પ્રાણ રે,
માળ વૃંદાદલ અંઘ્રિપ્રસાદીની,
લઉ સુગંધી ઘ્રાણ રે. (૨)
રસના એ તારા ગુણ યશ વરણું!
રંક અખંડ અભિધાન રે,
તારું કથામૃત શ્રવણે મારે,
પ્રેમે કરૂં નિત્ય પાનરે. (૩)

હસ્તે હરિ કરું તારી સેવા,
મન પ્રીતે કરું ધ્યાન રે,
ચરણે ચાલી તારે મંદિર આવું,
પણ વ્યાપે નહિ અભિમાન રે (૪)
સર્વાંગે કરી કરું તુને દંડવત,
સદા રહું તારે શરણે રે,
કહે દયો આપો શ્રીકૃષ્ણ એટલું,
મારું ચિત્ત નિત રહે તમ ચરણે રે (૫)
(અંઘ્રિ - ચરણ, અભિધાન - નામ ઉપનામ)

૧૮ - વલ્લભ વિઠ્ઠલની વાણી (ગો. શ્યા.મ.)

વલ્લભ વિઠ્ઠલની વાણી અનુસરી
પુષ્ટિ પ્રભુને રીઝવો તો તમે વલ્લભી જન રે....
તો તમે દૈવી જીવ રે.
ભક્તિનાં ભંડોળી ભૂંડા ભવાડા ભેગા કરી
શેઠીયાને રીઝવો તો તમે પ્રવાહી જન રે
તો તમે આસુરી જીવ રે.
ગ્રંથો રૂડા વલ્લભનાં ભણીને પોતાનું
જીવન કરો રૂડું વ્હાલા
વ્યાખ્યા જૂની જાતે સમજીને બીજાને
જો સમજાવો મારા વ્હાલા (૨)
પોતાનું પેટિયું રળવા જો તમે ખોટા
તર્કો સાધો તો તમે પ્રવાહીજન રે
તો તમે આસુરી જીવ રે. (૨)
ઘરમાં ભજુ તો કોણ જુએ ને
જાહેરમાં મોટી ભીડ ભેગી થાય
પ.ભ. મનોરથી ખુશ ના થાય
મઠડીનો પરસાદ ત્યાં ન વહેંચાય
ભક્તિનાં એવા ભવાડા કરવાથી
બહિર્મુખ થવાય રે....
તો તમે પ્રવાહી જન રે
તો તમે આસુરી જીવ રે.

૧૯ - હમતો કૃષ્ણ છબીલો (શ્રી દયારામભાઈ)

હમતો શ્રીકૃષ્ણ છબીલો હિ ગાવે,
નિર્ગુણ બ્રહ્મ હમેં નહિં ભાવે ...હમતો (ટેક)
ગિરિધર ગુન રુપકે રાશિ,
બ્રહ્મ કહે જીવ (કોઉ) હોય ઉદાસી. ...હમતો (૧)
જલકું કા સુખ જલપાના,
લવન કા સુખ સિંધુ સમાના. ...હમતો (૨)
જામેં દાસભાવ ઉઠ જાવેં,
જુગલ નહીં વ્હાં કહાં સુખ પાવેં. ...હમતો (૩)
પાઘ આશ સીસ છેદાઈ ડારેં,
સીસ ગયે પઘિયાં કહાં ધારે. ...હમતો (૪)
દાસ સદા હમ, શ્રીજી સ્વામી,
માંગે દયો ગુરુપદ શિરનામી. ...હમતો (૫)

૨૦ - લટકાળો શ્રીગિરિવરધારી (ગો. શ્યા.મ.)

(ગાન નં. ૦૮ પ્રમાણે)

૨૧ - ઉપહાર વચન (ભાગ - ૩)

જયતિ શ્રીવલ્લભાર્યો જયતિ ચ વિઠ્ઠલેશ્વરઃ પ્રભુઃ શ્રીમાન્ ।
પુરુષોત્તમશ્ચ તૈશ્ચ નિર્દિષ્ટા પુષ્ટિપદ્ધતિર્જયતિ ॥

'પુષ્ટિભક્તિ માર્ગ' એટલે પરમાત્માની કૃપાથી મળતી ભક્તિનો માર્ગ. જે જીવાત્મા, પરમાત્માની કૃપાને કારણે, ભક્તિમાર્ગ ઉપર અગ્રસર થાય છે તે, ક્યારેય લૌકિક વિષયો–ધન પદ પ્રતિષ્ઠા કે યશ જેવા ક્ષુદ્ર સુખોને મેળવવાનું સાધન, પોતાની ભક્તિને બનાવી શકતો નથી.

જેવી રીતે લૌકિક સ્વાર્થની પૂર્તિ માટે કરવામાં આવતી ભક્તિ પુષ્ટિભક્તિ હોતી નથી, તેવી રીતે જ લૌકિક વિષયોની ક્ષણભંગુરતાને

કારણે ઉદ્ભવેલી ભીતિ કે વિરક્તિ પણ પુષ્ટિભક્તિની ગરિમાને પામી શકતી નથી. તેથી લૌકિક વિષયોમાં આસક્તિ કે તેમાં વિરક્તિના સંદર્ભમાં પુષ્ટિભક્તિના સાચા સ્વરુપને પિછાણી શકાતું નથી.

કૃપાના સાગર પરમાત્મામાંથી ઉભરાયેલા મેઘોથી વરસતી હેલીને કારણે, આ વિષયાકર્ષી જગતમાં રહેવા છતાંય કોઈક જીવાત્માની ભીતર ક્યારેક ભક્તિની નિર્મળ સરિતા વહેવા માંડે છે. આવી કૃપાવૃષ્ટિને કારણે વહેતી ભક્તિની સરિતા તે જઃ પુષ્ટિભક્તિ. ઉંચા-નીચા ભૂભાગોના અવરોધોને અવગણીને સાગર તરફ સતત વહેતા પ્રવાહને 'સરિતા' કહેવાય. સાગરની દિશામાં લલકતી-વહેતી જળરાશિ તે 'સરિતા', અને દિશાબંધનરહિત પોતાની જ મસ્તીમાં મલકતી-લહેરાતી જળરાશિ તે 'સાગર'. તત્વદૃષ્ટિએ તો બેઉ એક જ પરંતુ રુપદૃષ્ટિથી જુદા-જુદા દેખાય. જાણે 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે!' યમુનાજીસમી પુષ્ટિભક્તિની સરિતાનું લક્ષ્ય પણ પુષ્ટિસાગર શ્રીકૃષ્ણના પ્રકટ સ્વરૂપના તટે તેની સાથે એકાકાર થવા સિવાય બીજું કાંઈ હોઈ શકતું નથી. જાણે 'શ્યામ સંગ શ્યામ વહે રહી શ્રીયમુને'.

ભગવદ્લીલાર્થ પ્રકટ થયેલા જાગતિક વિષયો માટે હેયદૃષ્ટિ કે વિરક્તિ રાખીને તે વિષયોનો ત્યાગ કરવાની અહંતા પુષ્ટિભક્તના માથામાં ભરાયેલી હોતી નથી. તેમજ ભગવન્નિષ્ઠ પુષ્ટિભક્તના હૃદયમાં તે નામરૂપાત્મક વિષયોના ઉપભોગની સ્વાર્થદૃષ્ટિ કે ક્ષુદ્ર મમતા પણ હોવી જોઈએ નહિં. પુષ્ટિભક્તિ તો પ્રકટ નામરૂપોની પાછળ સંતાયેલ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણની સાથે ખોળાખોળીના ખેલમાં પોતાનાં પુષ્ટિપ્રભુને ખોળવાનો જીવાત્માએ લીધેલ દાવ છે! શું તેને વિષયાસક્તિની વિસ્મૃતિને કારણે છોડી દેવાય?

આવી સંતાકૂકડીની રમતની દિવ્યલીલાનાં આલંબન-ઉદ્દીપન-વિભાવો અનુભાવો સંસારિભાવો અને સ્થાયિભાવો નું સક્ષમ સરસ

અને સુમધુર ગાન કરનારી ભકત કવિ દયારામભાઈના ધોળ-પદ-ગરબીઓ, અને તે દિવ્ય ભાવનાઓને વિસારી દેવાના કારણે-આપણાં શ્રેષ્ઠ માર્ગમાં પેસેલા સડા કે ભવાડા ને કારણે–આપણાં હૃદયને ડંખતી વેદનાને વાચા આપતી મારી કડીઓ પણ આ 'પુષ્ટિઅસ્મિતા'ના ત્રીજા ભાગમાં સંકલિત કરવામાં આવી છે.

શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુની કૃપાથી આ ગીતોને ગણગણીને ગાઈને નાચીને સહુ પુષ્ટિજીવોના ચિત્ત મંગળ પુષ્ટિભાવનાઓમાં પરોવાઈ જાય-તન્મય બની જાય, કેવલ તેવી એક શુભેચ્છા સાથે......

ગોસ્વામી શ્યામ મનોહર

૨૨ - મન તે મોહનમાં શેંના મોહ્યં? (શ્રી દયારામભાઈ)

મન તે મોહનમાં શેં ના મોહ્યં? તેને કાજે શિદ ચિત્ત ના પ્રોય?
જગ-મનમોહન મદન છે ને મદન-મનોહર કૃષ્ણ.
જો તેમાં મન મોહ પામે તો પૂરણ થાય પ્રીતકૃષ્ણ.
દ્રવ્ય દેખી સહુ કોઈ ધાય તે દ્રવ્ય છે જેનો અંશ.
તે કમળા મોહ પામી રહી છે સહુ, મનમોહન અવતંસ.
જેની રચના જોઈને રે, મોહ પામે સહુ જન.
તે કર્તામાં કમી કેવી રહે, 'દયા' વિચારો મન.

(ધાય - દોડવું, કમળા - લક્ષ્મી)

દ્રવ્ય-સંપદાની અધિષ્ઠાત્રી દેવી લક્ષ્મી. તે તો પોતે મનમોહન ઉપર સંપૂર્ણપણે મોહિત હોવાથી તેની સેવામાં અનુરત રહે છે! પરંતુ, તે દ્રવ્યની ઘેલછામાં, આપણે મનમોહન ઊપર મોહિત બની જતા નથી. આવું કેમ? મહાપ્રભુ સમજાવે છે કે આપણાં ચિત્તમાં જો પરમાત્મા પ્રત્યે પ્રેમ હોય તો, તેવા પ્રેમાળ ચિત્તથી નિહાળતાં, સર્વત્ર વિદ્યમાન્ પરમાત્મા પોતે જ પ્રકટ મળી જતો હોય છે! પરંતુ, તે પરમાત્માના પુષ્ટિસ્વરૂપ પ્રત્યે, પ્રેમ ત્યારે જ જાગી શકે કે જ્યારે તે પરમાત્માને અનુભવ્યા વિના, આપણાં હૃદયમાં–આપણાં નયનોમાં,

તાપકલેશની અનુભૂતિ કે અકળામણ જેવું કાંઈક અનુભવાતું હોય. 'વ્યાપકથી વાતો નવ થાય તે વિના જીવ અકળાય. પ્રકટ મળે સુખ થાય શ્રીગિરિધર પ્રકટ મળે સુખ થાય!'

૨૩ - પ્રકટ મળે સુખ થાય! (શ્રી દયારામભાઈ)

પ્રકટ મળે સુખ થાય! શ્રીગિરિધર પ્રકટ મળે સુખ થાય!
અંતર્યામી અખિલમાં તેથી કહો કોનું દુઃખ જાય?
તેલ વિના સ્ફુટ તિલ પૂરેથી દીપક કેમ પ્રકટાય?
પ્રકટ પાવક કાષ્ઠને ભેટે ના શી પેરે શીત સમાય?
વ્યાપકથી વાતો નવ થાય તે વિના જીવ અકળાય!
રસિયા જન મન રંજન નટવર 'દયા-પ્રીતમ' રસરાય.

(સ્ફુટ - સ્પષ્ટ ઉઘાડું, તેલ ન હોય તો તલ પૂરવાથી દીવો ન સળગે)

'યાવદ્ બહિઃસ્થિતો વન્હિઃ પ્રકટો વા વિશેન્નહિ, તાવદંતઃસ્થિતોપ્યેષ ન દારુદહનક્ષમઃ એવં સર્વગતો વિષ્ણુઃ પ્રકટશ્ચેન્ન તદ્ વિશેત્ તાવન્ન લીયતે સર્વમ્ ઈતિ કૃષ્ણસમુધમઃ' સંગ વિના આપણું ચિત્ત કોઈ રંગમાં રંગાતું નથી. તેથી મહાપ્રભુએ પુષ્ટિપ્રભુનો પ્રકટ સંગ કેળવવા-'ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા' નો દિવ્ય ઉપદેશ આપ્યો હતો. **લજ્જાવિહોણી ધનલાલસા અને નિષ્ઠાવિહોણી અંધશ્રદ્ધા** ને કારણે શ્રીકૃષ્ણસેવાના તે દિવ્ય પ્રકારને આજે આપણે વિસરાવી દીધો છે.

એકને માટે તે ચિત્તહારી ગુરુનો સ્વધર્મ હોવાને ઠેકાણે **વિત્તહારી વિક્રેતાનો** ધંધો બની ગયો છે. બીજાને માટે ભગવદ્સેવક હોવાને ઠેકાણે ભગવાનની ઝાંખી અને મઠડી-મોહનથાળને તૈયાર માલની માફક ખરીદી લેવાનો શોખ. તેથી પુષ્ટિમાર્ગીઓની મતિમાં ખોટી ભ્રમણા આજે ભરાઈ ગઈ કે, 'ઘરના ઠાકોરજી હોય ભાવના જ ભૂખ્યા પણ બાંધેલો નેગ કેમ

નભશે મંદિરિયે બાંધેલો નેગ કેમ નભશે!'. આતો ઘોડા ઉપરથી ગબડી પડેલા વરરાજાના વરઘોડામાં નાચવામાં મશગૂલ બનેલા જાનૈયાઓની ગાફેલિયત જેવું કાંઈક થઈ ગયું! ત્યારે તનુવિત્તજા સેવા કેમ થાય?

૨૪ - મારા તે વિત્ત ના લેણીયાત(ગો. શ્યા.મ.)

મારા તે વિત્ત ના લેણીયાત છે ઘણાં દેવલકજી
કે મારે તનુવિત્તજા કેમ કરવી! થયાં છે ઘણાં દેવલકજી
ઘરમાં ભજું તો મને તેડું મોકલાવેઃ 'ફૂલમંડલી કોણ
ભરશે મંદિરિયે ફૂલ મંડલી કોણ ભરશે?
કે મારા ઘરના ઠાકોર ક્યાં જાય? થયાં છે ઘણાં દેવલકજી.
સમાધાની મારે ઘેર આવી-આવીને 'જય શ્રીકૃષ્ણઃ'
કહી માગે મનોરથો 'જય શ્રીકૃષ્ણઃ' કહી માગે.
કે મારા કૃષ્ણની શ્રી લઈ જાય! થયાં છે ઘણાં દેવલકજી.
'ઘરના ઠાકોરજી હોય ભાવના જ ભૂખ્યા પણ, બાંધેલો
નેગ કેમ નભશે મંદિરિયે બાંધેલો નેગ કેમ નભશે?'
કે આવી વાત કહી પૈસા પડાવે! થયાં છે ઘણાં દેવલકજી.

(દેવલક - દેવદ્રવ્ય ખાનારા, શાસ્ત્ર વિરુદ્ધ આચરણ કરનારા)

ઘર-સંસાર ચલાવવાના ધરમના ધંધાના રૂપે ભગવત્સેવા કાંઈ ઊપદેશાયેલી નથી. જોકે આજે તે આવા જ રૂપમાં વિકૃત થઈ ગઈ છે, તેથી સિદ્ધાંતના આદર્શ અને વ્યવહારની વિકૃતિ વચ્ચે મધ્યમાર્ગ શોધવાની મથામણમાં આપણે મશગૂલ બન્યાં છીએ. તેવો મધ્યમાર્ગ મહાપ્રભુના વચનોને આધારે તો મળી શકતો નથી. એટલે ના છુટકે વ્યાકરણશાસ્ત્રના ક્ષુદ્રનિયમોનો શપથ લેવો પડે છે કે 'બે શબ્દોના જોડકાંની પાછળ આવતો ત્રીજો શબ્દ પોતાની અગાઉ આવેલ બન્ને શબ્દો સાથે નોખો-નોખો જોડાય છે.' જોડણીના આવા નિયમોને કારણે એક તનુવિત્તજા જો બે નોખી-નોખી તનુજા અને વિત્તજા બની જતી હોય, તો 'રામકૃષ્ણદાસ' નામના એક વરરાજાને પરણાવેલી

વધૂ માટે પણ, એક રામદાસ અને બીજો કૃષ્ણદાસ, એમ બે વરરાજાઓ સ્વીકારવા પડશે! વ્યાકરણવિશારદો(!) ને જે સ્વીકારવું હોય તે સ્વીકારે પણ વરવધૂને તે સ્વીકાર્ય બને ખરું? ભક્તકવિ દયારામભાઈ આ સવાલનો જવાબ આપે છેઃ 'શું જાણે વ્યાકરણી વસ્તુને શું જાણે વ્યાકરણી!'

૨૫ - શું જાણે વ્યાકરણી? (શ્રી દયારામભાઈ)

શું જાણે વ્યાકરણી? વસ્તુને શું જાણે વ્યાકરણી?
મુખ પર્યંત ભર્યું ઘૃત તોય તેનો સ્વાદ ન જાણે કાંઈ બરણી!
સુંદર રીતે શાક વઘાર્યું પણ ભોગ ન પામે કાંઈ ભરણી!
અંતર માંહે વસે અગ્નિ પણ આનંદ ન પામે કાંઈ અરણી!
નિજ નભિમાં કસ્તુરી છે પણ હર્ષ ન પામે કાંઈ હરણી!
'દયો' કહે ધન દાટ્યું ઘણું પણ ધનવંત કહાવે ન ધરણી!

(વ્યાકરણી - ભાષાના વ્યાકરણનો જાણકાર, ઘૃત - ઘી, ભરણી - લોહ્યું, વઘારિયું જેમાં શાક બનાવવામાં આવે, અરણી - વૃક્ષ જેને બહુ ઘસવાથી અગ્નિ પ્રગટ થાય, ધરણી - ધરતી)

વ્યાકરણશાસ્ત્ર તો બોલાતી વાણીના નિયમોની નિરીહ ચકાસણી છે. તેથી બોલવાની રીતિ બદલાતાં કાં તો વ્યાકરણના નિયમો અથવા તો બોલાતી ભાષા પોતે જ બદલાઈ જતી હોય છે. સહુ પુષ્ટિમાર્ગીઓ માટે શ્રીવલ્લભાધીશ તો, બોલાતી વાણીથી અગોચર એવી રસભાવાત્મિકા બ્રહ્માનુભૂતિના નિયમોના ઉપદેશક, 'વાક્પતિ' આચાર્ય છે. તેથી વ્યાકરણ નિયમોની ખોટી સમજને કારણે વાકપતિ શ્રીવલ્લભની વાણીના ખોટા અર્થઘટન **પુષ્ટિજીવોને** ક્યારે પણ માન્ય થઈ શકતા નથી. શ્રીમહાપ્રભુની આજ્ઞાનો નિખાલસ વિચાર કરતાં તો દરેક પુષ્ટિજીવ માટે શ્રીકૃષ્ણસેવાની આટલી તાતી આવશ્યકતા છે કે ભાગવતતત્વજ્ઞ દંભાદિરહિત કૃષ્ણસેવાપારાયણ નર જો જડતો ન હોય તો પુષ્ટિજીવ જાતે પણ કૃષ્ણસેવામાં તત્પર થઈ શકે છે–'તદ્દભાવે સ્વયં વાપિ મૂર્તિ કૃત્વા હરેઃ કવચિત્ પરિચર્યાં

સદા કુર્યાત્'. તો જે આપણને કૃષ્ણસેવાથી વંચિત જ રાખવા માગતો હોય તેનો સંગ કરાય? મહાપ્રભુ 'સંગઃ સર્વાત્મના ત્યાજ્યઃ' આજ્ઞા જે કરે છે, તે એવા લોકોના

૨૬ - જે હરિને ભજતાં વારે (શ્રી દયારામભાઈ)

જે હરિને ભજતાં વારે તેને તરત તજો.
અતિ રતિ આણી રે શ્રીરાધાવરને ભજો.
જનની ભરતે, જનક પ્રહલાદે, તજ્યાં વિભીષણે ભ્રાત.
ઉગ્રસેને સુત, પતિ ઋષિપત્નીએ, બલીએ ગુરુ સાક્ષાત્.
સહુ શાસ્ત્ર તેના સાખી રે તોય તું ના સમજ્યો.
જે પ્રતિકૂલ હોય કૃષ્ણને સેવતાં તેને વળગવું વ્યર્થ.
અવસર એળે જાય છે આપણો મહાદુર્લભ વિણ અર્થ.
'દયા' ઘોનિ ડંકો રે, લૌકિક થકિ શાને લાજો.

(એળે જવો - નકામો જવો)

'સહુ શાસ્ત્રો તેના સાખીરે તોય તૂં ના સમજ્યો. જે પ્રતિકૂલ હોય કૃષ્ણને સેવતાં તેને વળગવું વ્યર્થ, અવસર એળે જાય છે આપણો મહા દુર્લભ વિણ અર્થ, જે હરિને ભજતાં વારે તેને તરત તજો!' તો પકડવું કોને? મહાપ્રભુ આજ્ઞા કરે છેઃ 'ગુણેષ્વાવિષ્ટચિત્તાનાં સર્વદા મુરવૈરિણઃ, સંસારવિરહક્લેશૌ ન સ્યાતાં હરિવત્સુખં...ભગવદ્ધર્મસામર્થ્યાદ્ વિરાગો વિષયે સ્થિરઃ, ગુણૈર્હરેઃ સુખસ્પર્શાત્ર ન દુઃખં ભાતિ કર્હિચદ્, એવં જ્ઞાત્વા જ્ઞાનમાર્ગાદુત્કર્ષો ગુણવર્ણને, અમત્સરૈરલુબ્ધૈશ્ચ વર્ણનીયાઃ સદા ગુણાઃ'. પ્રભુના ગુણોનું સહજગાન અશેષ અશુભોને હરનારું હોય છે તેથી. 'ગાને સહેજે ગોવિંદ ગાને સહેજે તારા દુઃખ સહુ જાય ગોવિંદ ગાને સહેજે!'

૨૭ - ગાને સહેજે ગોવિંદ (શ્રી દયારામભાઈ)

ગાને સહેજે ગોવિંદ ગાને સહેજે.....(ટેક)
તારા દુઃખ સહુ જાયે ગોવિંદ ગાને સહેજે
સુખ સહુ થાયે શ્રીગિરિવરધારી......(૧)

ભવના વૈભવનો ચિત્તમાં ચોંટ્યો છે રંગ
એના એ ભોગ કરડી ખાશે ભુજંગ......(૨)
જેનું તૂં સુખ માણે તે દુઃખનો ભંડાર
પડતાં પેંજારાં ખાતાં નહિં આવે પાર......(૩)
આવ્યો ઓવારો પાછો વચમાં વહિ જાશે
'દયા' પ્રભુને ભુલે પાછળ પછતાશે......(૪)

(ભુજંગ - સાપ/નાગ, ઓવારો - નજીક સમુદ્રની ભરતી આવે તે)

રાત્રીના અંધકારનો અંત લાવનારી ઉષાની વધામણી પંખીડાઓ હૃદયનાં કેવા સહજ ઉમળકાથી ભરપૂર કલરવ સાથે કરતા હોય છે! તેવા સહજભાવથી ભગવદ્‌ગુણગાન કરો. મેઘોથી મંડિત ગગનની મહિમાનું કંઠથી સહેજ રીતે સરી જતું ગાન તે જ તો, મોરલાનો મીઠો ટહુકો! મેઘશ્યામ શ્રીકૃષ્ણની ભાવમાધુરી હૃદયાકાશમાં ઘેરાતી હોય, તો મોરલાના મીઠા ટહુકા જેવું જ, સહજ મધુરું ગુણગાન, તે મધુરાપતિનું ગાન આવો આપણે પણ કરીએ.

વસંત ઋતુના અનેરા વૈભવની વર્ણના આ ઉમંગ-સભર કોયલ જેવી **સહજ** 'કુહૂ-કુહૂ' થી કરતી હોય છે! તેવા સહજભાવથી વ્રજાધિપતિની પુષ્ટિલીલાના વૈભવનું આવો આપણે પણ ગાન કરીએ! પૂર્ણિમાના ચંદ્રમાના **સહજ** આકર્ષણને કારણે લહેરાતો આ સાગર પણ પોતાની ઉર્મિઓને જ તો **સહજ** નિનાદ સાથે પ્રકટ કરી રહ્યો છે! તેવી રીતે જ પોતાના આત્માનંદ સમુદ્રમાં મહાલતા ષોડશકલાપૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચંદ્રના ગુણોને સહુ પુષ્ટિજીવો **સહજ** ભાવે ગાવો. **'ગાને સહેજે તૂં ગાને સહેજે ગોવિંદ ગાને સહેજે ગાને સહેજે!'**

'તસ્માદ્ જીવાઃ પુષ્ટિમાર્ગે ભિન્નાએવ ન સંશયઃ, ભગવદ્‌રુપ સેવાર્થં તત્સૃષ્ટિઃ નાન્યથા ભવેત્' આ જગતમાં પુષ્ટિજીવોના જનમારાનો એકમાત્ર અર્થ કે પ્રયોજન તે નંદનંદનું ભજન! પોતાના ઘરમાં બિરાજતા પુષ્ટિપ્રભુની સેવામાં પોતાનાં તન મન ધન અને સ્વજનો નો વિનિયોગ. જે કરવા પુષ્ટિજીવ સક્ષમ ન થયો– તે મોટો વિખ્યાત ધનવાન્ થયો તોં શું? જ્ઞાની થયો તો શું? વિરક્ત થયો તો શું? અથવા તો મોક્ષ પણ પામી ગયો તો શું?

૨૮ - નંદનંદન ભજ(શ્રી દયારામભાઈ)

નંદનંદન ભજ ભજ મન મારા કોટી કલ્પના, સાથે **કલેશ શમે**
૨ ે .
જન્મ-મરણનો ભય જાય ભાંગી યમ કિંકર સ્વપ્ને ના દમે રે.
આનંદ સિંધુ ઉદ્દય થાય અંતર જો તુને સેવન શ્રીશ્યામનું ગમે રે.
ચારે પદારથ દ્વારે રહે ઉભા ચૌદ લોક તુને ચરણે નમે રે.
નિર્ભય પદ પંકજ પુરુષોત્તમ જેને શેષાદિક સામાં નમે રે.
તે તુજને અર્પે 'દયા પ્રીતમ' નિશદિન તારા રુદિયામાં રમે રે.

(કોટી કલ્પના - સહસ્ત્ર પરિવત્સરનો ભાવ, કિ-કર - ચાકર)

આપણાં હૃદયમાં સ્થિરતયા પ્રભુને અહર્નિશ રમમાણ કેવી રીતે બનાવી શકાય? આપણું મન પોતે એટલું અલૌકિક ક્યાં હોય છે! શ્રીમહાપ્રભુજી આપણને સમજાવે છેઃ 'અશૂરેણાપિ કર્તવ્યં સ્વસ્યાસામર્થ્યભાવનાદ્....અશકયે વાસુશકયે વા સર્વથા શરણં હરિઃ... અલૌકિકમનઃ સિદ્ધૌ સર્વથા શરણં હરિઃ, એવં ચિત્તે સદા ભાવ્યં વાચા ચ પરિકીર્તયેદ્, અન્યસ્ય ભજનં તત્ર સ્વતો ગમનમેવ ચ, પ્રાર્થના કાર્યમાત્રોઽપિ તતોઽન્યત્ર વિવર્જયેત્'. **મહાપ્રભુએ ક્યાંય એમ નથી કહ્યું કે જેનાથી જાતે ભગવત્સેવા નભતી ન હોય તેણે જાહેર મંદિરોમાં ધંધાકિય ધોરણે ગોઠવવામાં આવતી ઝાંખીઓના દર્શન કરીને સંતુષ્ટ થઈ જવું,** અશકય કે સુશકય દરેક કર્તવ્યમાં—ભક્તિ કરવા પોતાના મનને અલૌકિક બનાવવું હોય કે બીજી પણ દરેક બાબતમાં પુષ્ટિપ્રભુનો અનન્યાશ્રય એટલે કાયિક વાચિક અને માનસિક બધી રીતે કેવલ પુષ્ટિપ્રભુની શરણાગતિ તે એક જ ઉપાય– સાચો ઉપાય.

૨૯ - એક વર્યો ગોપીજનવલ્લભ(શ્રી દયારામભાઈ)

એક વર્યો ગોપીજનવલ્લભ નહિં સ્વામી મારે બીજો રે કોઈ..
અવર કોઈનું કામ ન મારે રીઝો કે હવે ખીજો રે કોઈ.

કૃષ્ણ કરે તે પ્રમાણ કારજ વણસો કે હવે સીજો રે કોઈ.
પ્રાણ જાય પણ અન્ય કૃતિમાં મન રખે હવે ભીજો રે કોઈ.
હું ચાતક જલ સ્વાતિ શ્રીજી હું જખ ને હરિ વારી રે કોઈ.
હું હારીલ ને કાઠી હરિ દઢ વ્રત ધારી તે ધારી રે કોઈ.
અનન્ય પતિવ્રત જેને નહિં તેણે કહીયે અહીં વ્યભિચારી રે.
શ્રીગુરુદેવ નભાવજો કહે 'દયો' સદા ટેક એહ મારી રે કોઈ.

(વણસો - ખરાબ થવું, જખ - માછલી, હારીલ - એક પક્ષી જે જન્મતી વખતે એક લાકડી પકડી લે છે તે મરતા સુધી છોડતું નથી અથવા લક્કડખોદ જેવું પક્ષી જે લાકડામાં ઘર બનાવીને રહે છે, કાઠી - લાકડી)

આપણાં માર્ગમાં મહાપ્રભુએ ભક્તિમાર્ગ અને શરણમાર્ગની જુદી-જુદી બે કેડીઓ જે પ્રકટ કરી હતી તેની પાછળ આપશ્રીની પુષ્ટિપ્રભુના હાર્દને પિછાણી શકવાની દિવ્ય સામર્થ્ય કામ કરી રહી છે, એમ સર્વોત્તમસ્તોત્ર આપણને સમજાવે છે: 'પૃથક્ શરણમાર્ગોપદેષ્ટા શ્રીકૃષ્ણહાર્દવિત્'. શરણમંત્ર અને સમર્પણમંત્રની બે જુદી-જુદી દીક્ષાઓની જુદી-જુદી બે તુલસીની કંઠીઓ આની સાક્ષી પૂરે છે. તેથી ભગવત્સેવાર્થે તન-મન-ધન વિ. સર્વસ્વનું સમર્પણ-વિનિયોગ જે કરી ન શકતો હોય, તેના કંઠમાં સમર્પણની કંઠી પહેરાવવાની જ ન હોય. છતાંય આજે છલ-કપટથી પહેરાવવામાં આવે છે અને પહેરવામાં પણ. અંતરમાં આવા છળ-કપટ રાખીને લીધેલ શરણ કે કરેલ સમર્પણથી પ્રભુ ક્યારેય પ્રસન્ન થાય? અંતર્યામી હોવા છતાંય પ્રભુ શું આપણા અંતરનાં છળને જાણી નહિં લે?.

૩૦ - હરિ તુને પ્રસન્ન તે કેમ થાયે? (શ્રી દયારામભાઈ)

હરિ તુને પ્રસન્ન તે કેમ થાયે? તારા અંતરનું કપટ ન જાય!
તારા દિલનો છલ નવ જાય પ્રભુ તુને પ્રસન્ન તે કેમ થાયે!
આ કરવુંને આ નવ કરવું એમ સહૂને શિક્ષા દે છે.
તેમાંથી તું કાંઈ નથી કરતો અનુચિત કર્મ કરે છે.
અંતરનો છલ અન્ય ના લહે પણ જાણે અંતરયામી.

એતો સાચાના સંગી છે તે 'દાસ દયા' ના સ્વામી.

'પ્રવાહસ્થાન્ પ્રવક્ષ્યામિ સ્વરુપાંગક્રિયાયુતાન, જીવાસ્તે હ્યાસુરાઃ સર્વે પ્રવૃત્તિં ચેતિ વર્ણિતાઃ...પ્રવાહેડપિ સમાગત્ય પુષ્ટિસ્થસ્તૈર્ન યુજ્યતે, સોડપિ તૈસ્તત્કુલે જાતઃ કર્મણા જાયતે યતઃ'. પુષ્ટિમાર્ગીના ઘરમાં જન્મેલો પ્રવાહિજીવ પુષ્ટિમાર્ગને અનુસરી શકતો નથી. તેમજ પ્રવાહમાર્ગીના ઘરમાં જન્મેલો પુષ્ટિજીવ પણ ક્યારેય પ્રવાહમાર્ગને વળગી શકતો નથી. પુષ્ટિમાર્ગ એ તો પ્રભુને નિશ્છલ-નિષ્કામ પ્રેમ સમર્પણ કરવાનો માર્ગ છે. **એ પ્રભુએ પ્રેમ સ્વીકારવા સારું જેનું વરણ ન કર્યું હોય તેવો જીવ પ્રભુને નિશ્છલ-નિષ્કામ પ્રેમ કેમ આપી શકે।**

૩૧ - જે કોઈ પ્રેમ અંશ અવતરે (શ્રી દયારામભાઈ)

જે કોઈ પ્રેમ અંશ અવતરે પ્રેમરસ એના ઉરમાં ઠરે.
સાકરખોરનું સાકર જીવન ખરના પ્રાણ જ હરે.
ક્ષારસિંધુનું માછલડું જેમ મીઠાં જલમાં મરે.
ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે કાંઈ અર્થ ના સરે.
મત્સ્યભોગી બગલો મુકતાફળ દેખિ ચંચુ ના ધરે.
એમ કોટી સાધને પ્રેમ વિણ પુરુષોત્તમ પૂંઠ ના ફરે.
'દયા પ્રીતમ' શ્રીગોવર્ધનધર પ્રેમભક્તિએ વરે.

(ખર - ગધેડો, ગર્દભ)

પુષ્ટિમાર્ગીય ભક્તે ભગવત્સેવા ક્યાં કરવી? સિદ્ધાંતમુક્તાવલી ભક્તિવર્ધિની અને સર્વનિર્ણય નિબંધ આ પ્રશ્નનું સમાધાન એમ આપે છેઃ સહૂથી પહેલા તો પોતાના ઘરમાં જ ભગવત્સેવા કરવાનો દ્રઢ આગ્રહ રાખવો જોઈએ. જો તેમ શક્ય ન હોય તો કોઈક એકાંત સ્થળે ઠાકોરજીની સેવા પહોંચીને પાછા ઝાંપીમાં પધરાવી પોતાના નિવાસસ્થળે આવી જવું. જો તેમ પણ શક્ય ન હોય તો જે કોઈ ભગવદીય પોતાનાા ઘરમાં ભગવત્સેવા કરતો હોય તેનો સંગ, અને જો છૂટ આપે તો તેની સેવામાં નભતી ટહેલ કરવી. પોતે પોતાના

ઘરમાં 'વિવેકધૈર્યાશ્રય'–'કૃષ્ણાશ્રય' વિગેરે ગ્રંથોમાં જણાવેલ શરણમાર્ગની કેડીએ ચાલવું. કોઈ પણ સંજોગોમાં પોતાની ભગવદ્‌ભક્તિનો ભવાડો કરવો નહિં કે કોઈ કરતો હોય તો તેને પોષણ આપવું નહિં.

૩૨ - ગામની વચ્ચે બજાર છે (ગો. શ્યા.મ.)

ગામની વચ્ચે બજાર છે ને બજાર વચ્ચે મંદીરજી.
ઠાકોરજીના ખાલી હાથે દર્શન ના થાય અંદરજી.
તનમનધનથી ઘરમાં પોતાના ઠાકોરજીને ભજવાની.
જૂની રીત હવે નથી ગમતી થઈ એ જૂનવાણીજી.
ઓટલા ઉપર સમાધાની બેઠો ભેટસામગ્રીની રસીદ દેતો.
મંગલા પલના રાજભોગના મનોરથીને બીડો દેતો.
મનોરથો નોંધાવો અહિંયા મઠડી ઘેરે પધરાવેજી.
ઠાકોરજીના ખાલી હાથે ....
ગોશાળામાં ગોવાળિયો બેઠો લીલા-સૂકા ઘાંસ વેચતો.
ગોમાતાની સેવા કરતો પુષ્ટિપ્રભુને મન અતિશય ગમતો.
ફલ ફૂલ શાક પાન ની સેવા ફૂલઘરમાં પધરાવીએજી.
ઠાકોરજીના ખાલી હાથે ....
બ્રહ્મસંબંધ જો લેવો હોય તો અપરસમાં તમે નહાવોજી.
જલઘરિયાને સેવકી આપો પુષ્ટિભક્તિ દ્રઢ થાયેજી.
મંદિરના ભીતર રહેનારા દર્શન ખાલી હાથે કરતાજી.
બાહરના દરસન કરનારા પુષ્ટિ-નિયમ અનુસરતાજી.

'હરિમૂર્તિઃ સદા ધ્યેયા સંકલ્પાદપિ તત્ર હિ, દર્શનં સ્પર્શનં સ્પષ્ટં તથાકૃતિગતી સદા, શ્રવણં કીર્તનં સ્પષ્ટમ્' – 'આઘ્રાણં ચાપિ સર્વતઃ, તદન્તિકગતિર્નિત્યમેવં તદ્‌ભાવનં સદા, ઈદમેવેન્દ્રિયવતાં ફલં મોક્ષોપિ નાન્યથા, યથાન્ધકારે નિયતા સ્થિતિર્નાક્ષણોઃ ફલં ભવેદ્, એવં મોક્ષોપીન્દ્રિયુક્તાનાં સર્વથા ન હિ, બાધકાનાં પરિત્યાગે સાધકાનાં ન તદ્ ભવેત્'– 'યસ્ય વા ભગવત્કાર્યં યદા સ્પષ્ટં ન દ્રશ્યતે, તદા વિનિગ્રહસ્તસ્ય કર્તવ્ય ઈતિ નિશ્ચયઃ'

પૂર્ણપુરુષોત્તમની પૂર્ણ અનૂભુતિ ચિત્તના નિષેધાત્મક નીરસ કે કઠોર નિરોધ થકી શક્ય નથી. ઈન્દ્રિયોના તે તે વિષયોને ભોગવાની ચિત્તવૃત્તિઓને આપવામાં આવેલી વિધાનાત્મક સંપૂર્ણ છૂટથી પણ તે અનુભૂતિ શક્ય નથી. તે દિવ્ય અનુભૂતિ મળે છે– દરેક ઈન્દ્રિયોની તેમજ અંતઃકરણની સહજ સરળ સરસ વૃત્તિઓ થકી પરમાત્માને માણવાની ભાવભાવનાને કારણે તેથી જ શ્રી દયારામભાઈ જણાવે છે.

૩૩ - ગાજે ગાજે ગાજે રે (શ્રી દયારામભાઈ)

ગાજે ગાજે ગાજે રે ગોવિંદગુણ નિત્ય ગાજે રે.
હસ્તે વડે કરજે હરિસેવા ચરણે હરિદર્શન ધાજે રે.
નેત્રે નિરખજે નંદનંદનને હરિ જશ રસ શ્રવણને પાજે રે.
ઘ્રાણને પુષ્પ પ્રસાદી તુલસી પ્રભુનો પ્રસાદ સાધુ સંગે ખાજે રે.
નમન કરે શિર હરિ-હરિજનને તીર્થના તીર્થમાં નિત ન્હાજે રે.
મન મધુ-વ્રત પદ-કમળે રાખે દાસ હરિનો થાજે રે.
સત્સંગ વિના પલક ખોશ મા દુષ્ટસંગથી દૂર જાજે રે.
દેહધારી સહૂપર દયા રાખિ હરિ-ગુરુ-હરિજન સમ ચ્હાજે રે.
સાચો સ્નેહ રાધા-કૃષ્ણની સાથે છળ કરિ વિશ્વને મા દવાજે રે.
‘દયો’ કહે જો એ સધી આવે તો વણશ્રમે વૈકુંઠ જાજે રે.

(સધી આવે - સિદ્ધ થવું)

‘નાતઃ પરતરો મંત્રો નાતઃ પરતરઃ સ્તવઃ।
નાતઃ પરતરા વિદ્યા તીર્થ નાતઃ પરાત્પરમ્’’॥

૩૪ - લટકાળો શ્રીગિરિવરધારી(ગો. શ્યા.મ.)

(ગાન નં. ૮ પ્રમાણે)

૩૫ થી ૫૬ - પુષ્ટિ પાઠાવલી ગાન

(પુષ્ટિ પાઠાવલીની વિગત માટે જુઓ પાનું છેલ્લું)

એમ.પી.૩ સી.ડી. માટે

(સમયની અનુકૂળતા વિચારી સેવાભાવી કાર્યકર્તાનો સંપર્ક કરવો. બનેતો બપોરના ચાર પછી) *** અમારાં કેન્દ્રનું સૂચન કરે છે.**

અમદાવાદ

	સેવાભાવી કાર્યકર્તા	સંપર્ક નંબરો
ઘાટલોડિયા :	* વૈશાલીબેન સદા	૯૨૨૮૧ ૭૪૩૧૩
વાસણા :	* રાજુભાઈ પરીખ	૯૩૭૬૧ ૦૨૧૧૨, ૨૬૬૫૧૧૧૯
પાલડીઃ	* દેવેશભાઈ	૨૬૬૦૮૮૮૩
સેટેલાઈટઃ	* પરેશભાઈ	૯૪૨૬૫ ૭૩૧૮૧
મણીનગર :	રમેશભાઈ શાહ	૨૫૪૫૧૭૫૧
	ગિરીશકુમાર શાહ	૨૫૪૫૨૪૯૪
	કનુભાઈ શાહ	૨૫૩૯૪૦૫૧
	મધુસુદનભાઈ શાહ	૨૫૩૯૪૫૦૧
	વિણાબેન શેઠ	૨૫૩૮૨૫૪૧, ૯૮૭૯૦ ૨૬૨૭૫
નરોડા :	મહેશભાઈ પટેલ	૯૮૨૫૪ ૪૦૨૪૨
એલિસબ્રિજ :	અશ્વીનભાઈ દેસાઈ	૨૬૪૪૯૯૮૨, ૯૮૯૮૬ ૪૦૮૦૧
	પીયુષભાઈ શાહ	૨૬૫૭૮૮૨૫, ૯૮૨૪૫ ૨૦૫૭૭
ઘોડાસર :	ચીમનભાઈ દોશી	૨૫૩૯૧૯૪૯
	સુધીરભાઈ દેસાઈ	૨૫૩૯૬૨૪૭
સોલા :	અશોકભાઈ શાહ	૨૭૪૯૧૧૫૫
	રસીકભાઈ સોની	૯૯૦૯૦ ૧૩૮૨૫
થલતેજ :	જયેન્દ્રભાઈ શાહ	૨૭૪૫૧૦૫૦, ૯૩૨૭૦ ૦૭૮૯૯
બોડકદેવ :	ગોવિંદભાઈ પરીખ	૯૪૨૬૩ ૧૭૧૮૭, ૨૬૮૫૪૦૬૫
નારણપુરા :	ચંદુલાલ શાહ	૨૭૪૩૨૦૪૨
આંબાવાડી :	વિઠ્ઠલભાઈ આશરા	૨૬૩૦૬૫૯૯
ભૈરવનાથ :	ચીમનલાલ બેંકર	૩૨૫૧૦૩૨૫
કાંકરીઆ :	દિલીપભાઈ શાહ	૨૫૪૫૨૭૦૧
ઈસનપુર :	મધુસુદનભાઈ	૨૫૩૯૪૫૦૧
	પંકજભાઈ શાહ	૨૫૩૯૦૫૩૫
	આર. કે. શાહ	૨૫૩૯૨૫૧૦
વેજલપુર :	દિનેશભાઈ શેઠ	૨૬૭૪૦૧૧૮, ૯૯૧૩૮ ૩૩૪૫૦
	નટવરલાલ ટાંક	૨૬૮૧૨૬૧૭, ૯૮૨૫૪ ૧૪૬૧૭
જોધપુર :	રમીલાબેન દોશી	૨૬૭૫૩૬૪૯
ગુલબાઈ ટેકરા :	વર્ષાબેન શ્રોફ	૨૬૩૦૬૨૬૨
ગાંધીનગર :	* નીરૂબેન શાહ	૯૪૨૮૪ ૭૯૨૩૨
	હસમુખભાઈ શાહ	૨૩૨૨૬૬૯૧
	દિનેશભાઈ શાહ	૨૩૨૩૪૪૮૩
	ગુણવંતભાઈ શાહ	૨૩૨૪૪૧૪૫
	રસીકભાઈ પરીખ	૬૫૭૨૬૦૯૭

ભાવનગર :	જશુભાઈ મોડવિયા	૨૪૪૮૦૧૯
	સુમનભાઈ વોરા	૨૪૨૪૩૧૪
	ઉષાબેન શાહ	૨૫૬૨૨૨૬
	નટુભાઈ વોરા	૨૪૨૦૧૨૨
રાજકોટ :	✱ પ્રવિણભાઈ દઢાણીયા	૯૪૨૭૪ ૯૫૧૫૯, ૯૯૨૫૮૯૦૧૪૫
	સંજયભાઈ	૯૪૨૮૨ ૫૩૭૮૬
ગોંડલ :	ભવાનજીભાઈ સરધારા	૯૮૨૫૮ ૭૩૬૦૪
	✱ ગોપાલભાઈ	૯૮૨૫૪ ૩૦૦૭૨
અમરેલી :	બાબુભાઈ સોની	૨૨૩૦૫૪, ૨૨૩૦૧૬
રાજુલા :	સુરેશભાઈ મહેતા	૯૪૨૬૯ ૬૩૫૭૭
ધોરાજી :	છગનભાઈ માવાણી	૩૨૦૦૨૦
ડીશા :	ડૉ. જૈમેષભાઈ શાહ	૨૨૨૭૬૩
જેતપુર :	✱ નવનીતભાઈ વકીલ	૯૮૯૮૦૨૪૦૬૯
જુનાગઢ :	✱ વજુભાઈ વાછાણી	૨૬૩૩૧૩૨, ૯૮૨૪૮૯૫૮૧૫
	✱ પ્રફુલ્લભાઈ ભંડેરી	૯૪૨૮૦ ૮૭૪૪૫
રાજપીપળા :	મહેશભાઈ ગાંધી	૨૨૧૩૨૨
ભુજ-કચ્છ :	ચંપકભાઈ સોની	૨૩૦૭૮૩
ધાંગધ્રા :	તેજસભાઈ સોની	૯૮૭૯૧ ૯૭૯૯૬
જામનગર :	જયસુખલાલ કડેચા	૨૨૨૭૫૧ (કાલાવડ)
	ભાવિનભાઈ ગોકાણી	૯૮૨૮૦ ૭૫૪૬૧
માણાવદર :	દિનેશભાઈ માંડલિયા	૨૨૨૩૨૫
	મીનાબેન કંસારા	૯૮૨૫૬ ૪૯૮૭૦
સાવરકુંડલા :	મુકુંદભાઈ ચંદારાણા	૯૮૨૪૫ ૩૨૪૨૪
મોરબી :	✱ હિતેશભાઈ આદેશરા	૯૮૨૫૮ ૬૭૨૩૫
તલોદ :	રતીભાઈ શાહ	૨૨૦૭૧૯
ઉપલેટા :	ડાહ્યાભાઈ પટેલ	૨૨૫૨૧૨
ગોધરા :	✱ રજનીભાઈ ગાંધી	૨૫૧૭૧૪
	અનીલભાઈ પરીખ	૨૪૬૮૪૫
	રાજેન્દ્રભાઈ શાહ	૨૪૫૫૦૯
	શૈલેષભાઈ શાહ	૨૪૨૬૫૩, ૨૪૨૫૯૧
શહેરા :	ડૉ. તરૂણભાઈ શાહ	૨૨૬૩૩૭
દેવગઢ બારીયા :	રાજુભાઈ મોદી	૨૨૦૭૪૬
	ગીતાબેન શાહ	૨૨૦૧૬૨
દાહોદ :	રાજેશભાઈ દાણી	૨૪૭૨૩૬
	ઈન્દ્રવદનભાઈ	૨૪૦૨૮૧
	મુકેશભાઈ દેસાઈ	૨૪૦૧૧૧, ૨૪૪૮૫૪, ૯૪૨૬૩ ૭૯૯૩૧
લુણાવાડા :	રાજેન્દ્રભાઈ દોશી	૨૫૨૫૦૭
હાલોલ :	✱ મહેશભાઈ પટેલ	૯૨૨૮૫ ૫૬૮૬૬
ઝાલોદ :	અશ્વિનભાઈ દેસાઈ	૨૨૪૯૩૨
ભરૂચ :	✱ દેવેન્દ્રભાઈ શાહ	
અંકલેશ્વર :	✱ દીનેશભાઈ	૨૫૧૧૨૨, ૨૨૨૬૮૦
	હર્ષદભાઈ શાહ	૨૪૮૪૯૪, ૯૮૨૪૧ ૫૦૫૯૪

જંબુસર :	અશોકભાઈ ચોકસી	૨૨૦૫૫૦, ૨૨૦૨૮૫
કડી :	કિરણબેન શાહ	૨૨૪૦૮૬૩
કાલોલ :	દિપ્તીબેન પરીખ	૨૩૬૦૧૫
	નવિનભાઈ પરીખ	૨૩૫૦૮૪
કપડવંજ :	શરદભાઈ મહેતા	૨૫૨૭૬૦
ખેડા :	ગોવિંદભાઈ શાહ	૨૨૪૩૦૦
માણસા :	નવિનભાઈ શાહ	૨૭૨૨૯૬
મોડાસા :	વાડીલાલભાઈ ગાંધી	૨૪૭૦૩૭
નડીયાદ :	* અરવિંદભાઈ ગાંધી	૨૫૬૨૬૭૨
	બાલકૃષ્ણભાઈ ગાંધી	૨૫૨૦૫૪૮
	પ્રમોદભાઈ શાહ	૨૫૨૧૬૩૩
	ભારતીબેન પટેલ	૨૫૨૧૦૬૩
બોડેલી :	જનકભાઈ શાહ	૨૨૦૯૧૮
છોટા ઉદેપુર :	પ્રવિણભાઈ શાહ	૨૩૩૪૫૮
	જીતુભાઈ ભુત	૨૩૩૧૪૦, ૨૩૩૧૪૨
ડભોઈ :	દિનેશભાઈ	૨૫૪૨૭૦
સાવલી :	દિલીપભાઈ શાહ	૨૨૨૭૨૭
પાટણ :	ચંદ્રવદનભાઈ પરીખ	૨૩૧૬૭૮
ઊંઝા :	કેતનભાઈ ગાંધી	૯૩૭૭૬ ૫૩૪૭૭
મહેસાણા :	વસંતબેન પરીખ	૨૪૨૩૫૩ (તંત્રી વૈષ્ણવ પરીવાર)

વડોદરા

સંગમ ચાર રસ્તા :	* નરેન્દ્રભાઈ	૨૪૮૨૦૭૧
વી.આઈ.પી. રોડ :	* મુકેશભાઈ ગાંધી	૯૪૨૭૩ ૪૫૯૩૪
	* જીજ્ઞેશભાઈ	૬૫૮૧૩૭૬
અલકાપુરી :	ડૉ. સુરેન્દ્રભાઈ પરીખ	૨૩૯૬૧૪૨
	જીતેન્દ્રભાઈ પરીખ	૨૩૪૦૩૩૩
પશાભાઈ પાર્ક :	ચંદ્રકાંતભાઈ દેસાઈ	૨૩૫૨૩૮૭
વાઘોડિયા :	ભગવાનદાસ દેસાઈ	૨૫૧૦૩૩૯
રેસકોસ સર્કલ :	* પરાગ કોઠારી	૨૩૯૭૭૦૭, ૯૪૨૬૭ ૬૩૯૧૧
કારેલીબાગ :	મિહીરભાઈ શાહ	૫૫૩૭૨૩૯
વારસીયા રીંગ રોડ :	પ્રો. વી. ડી. દેસાઈ	૨૫૩૧૬૩૪
હરણીરોડ :	નારાયણભાઈ દોશી	૨૪૮૪૦૮૩
ન્યુ સમા :	હસમુખભાઈ શેઠ	૨૭૯૩૩૦૬
ફતેગંજ :	સુરેશભાઈ શાહ	૨૭૮૮૦૧૭
સંતરામપુર :	સુરેશભાઈ	૨૨૦૨૬૬
ધનસુરા :	કાંતીભાઈ શાહ	૨૨૨૨૬, ૨૨૩૭૬
સુરત :	* સુનીલભાઈ જાગીરદાર	૯૮૨૫૧ ૪૭૦૬૩
	ગોવિંદભાઈ ભરડવા	૨૭૪૦૯૧૧
	મધુસુદનભાઈ મહેતા	૨૫૩૨૯૭૫, ૨૫૩૨૯૭૬
સુરત :	મુકુંદભાઈ સોની	૯૮૨૫૬ ૩૦૭૫૯

	મનુભાઈ પરીખ	૨૨૨૨૫૭૭

મુંબઈ

કાંદીવલી :	✱ સુખધામ	૨૮૦૧૨૮૩૦
	✱ જીતેન્દ્રભાઈ વઝીર	૨૮૦૬૫૭૭૫
વિલે પારલા :	✱ કલ્પનાબેન કાણકીયા	૨૬૧૩૪૯૪૨
	✱ કુમુદબેન કૃષ્ણકાંતભાઈ	૨૬૧૭૦૪૧૭
ચીરાબજાર :	✱ નીલેશ ઉદેશી	૨૨૦૧૬૨૬૯
ઘાટકોપર :	દિલીપભાઈ પારેખ	૨૫૧૬૧૩૦૬
થાણા :	સંજયભાઈ થાણાવાળા	૨૫૪૭૧૬૪૧
બોરીવલી :	નટવરલાલ શાહ	૨૮૯૪૫૮૩૬
મલાડ :	✱ જીતેન્દ્રભાઈ વઝીર	૨૮૮૦૮૦૫૦, ૨૮૮૧૦૫૧૬
વસઈ :	✱ સુરેશભાઈ માધાણી	૨૩૩૬૨૭૩
પુના :	✱ બિપીનભાઈ સૂચક	૨૬૧૪૧૦૬૨
કોલ્હાપુર :	✱ હંસરાજભાઈ વેદ	૩૨૯૮૬૦૩

જો આપને અનુકૂળતા હોય અને જાતે કોપી કરવી હોય તો કરી શકો છો અથવા કરાવી શકો છો. અનુકૂળતા ન હોય તો આણંદ કેન્દ્ર ઉપરથી કુરિયર કે પોસ્ટ દ્વારા પણ સી.ડી. મળી શકશે. જેમાં ૧૫ + ૩૦ (કુરિયર અથવા પોસ્ટ ચાર્જ) મનીઓર્ડર દ્વારા મોકલવાથી રવાના કરીશું. કદાચ તેમાં ખર્ચ કરતાં રકમ વધશે તો તેને પુસ્તક સહાયમાં લઈ લઈશું અથવા આપની ઈચ્છા મુજબ કરીશું.

પુષ્ટિ પાઠાવલી જે **શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ કંસારા બજાર માંડવી,** જિલ્લો કચ્છ ગુજરાત ૩૭૦ ૪૬૫ ટેલી. ૦૨૮૩૪ ૨૩૧૪૬૩ દ્વારા પ્રકાશિત થઈ છે. જેમાં સુવાચ્ય અક્ષરોમાં શુદ્ધ જોડણી સાથે સાર સમજણ પણ આપેલી છે. આ પુસ્તિકાનું કદ નાનું હોવાથી ખિસ્સામાં સમાઈ જાય તેવી છે. સી.ડી. માં આજ ગ્રંથો પૂ.પા.ગો. શ્રીશ્યામમનોહરજી દ્વારા સ્વરાંકિત છે. આ પુસ્તિકા માટે ✱ નો સંપર્ક કરી શકાશે.

ભગવત્સેવા કરવાવાળાને ભક્તિ કયારેય સિદ્ધ થઈ શકતી નથી.

(શ્રી વલ્લભાત્મજ-શ્રી બાલકૃષ્ણજીઃભક્તિવર્ધિની વ્યા.-૨)

........મજુરી પેટે પૈસા આપીને કોઈ બીજા મારફત સેવા કરાવવામાં આવે તો ચિત્તમાં અહંકાર તો વધે પરન્તુ તે (ચિત્ત) ભગવાનમાં કયારેય લાગી શકે નહીં. ભગવત્સેવા માટે કોઈ બીજા પાસેથી પગાર પેટે ધન લેવામાં આવે તો, જેમ પંડા-પુરોહિતોને યજ્ઞયાગ વગેરેનું ફળ મળતું નથી પરન્તુ યજમાનને જ મળે છે. તેવી જ રીતે સેવા કરવાવાળાની સેવા નિષ્ફળ બની જાય છે. યજમાન જેમ, દક્ષિણા દઈને પુરોહિત પાસે યજ્ઞયાગ કરાવી લ્યે, તેવી જ રીતે ભગવત્સેવા (આજકાલ જેમ પુષ્ટિમાર્ગીય હવેલીઓમાં વૈષ્ણવગણ ગુસાંઈ-મુખીયા-ભીતરીયા-સમાધાનીની બટાલીયન પાસેથી કરાવી લ્યે છે તેની જેમઃ અનુવાદક) કરાવી લેવામાં શું ખરાબી? ત્યાં કર્મ માર્ગમાં, તે વિહિત હોવાથી પુરોહિતો પાસેથી સમ્પન્ન કરાવી લેવામાં આપત્તિજનક નથી. ભક્તિમાર્ગમાં, પરન્તુ આવી રીતે ભગવત્સેવા કરાવી લેવાનું કયાંય વિધાન ઉપલબ્ધ ન હોવાથી કોઈ બીજાને પૈસા આપીને સેવા કરાવવી અનુચિત્ત જ છે. ભક્તિમાર્ગમાં તો ભગવદુકત પ્રકારે **(પોતાના ઘરમાં પોતાના પરિવારજનોના સહયોગ દ્વારા પોતાના તન-મન-ધનથી જ)** ભગવત્સેવા કરવી જોઈએ.

(સુરતસ્થ ૩/૨ ગુહાધિપતિ શ્રીપુરૂષોત્તમજી : સિદ્ધાન્તમુકતાવલી વિવૃત્તિ પ્રકાશ-૨)

☞......અને સાર રૂપે વિચારીએ.......

- પોતાના ઘરમાં પોતાનાં દ્રવ્યથી પોતાનાં જ ઠાકોરજીની ભગવત્સેવા-કથા-કીર્તન એક દિવ્ય આરાધના રૂપે હોવી જોઈએ.
- તે પૈસા કમાણીનું સાધન કદાપિ હોવું જોઈએ નહીં.
- પ્રભુની સેવા-મનોરથ-કથા-કીર્તનના નામે પૈસા માંગનારા / સ્વીકારનારા / આપનારા અને દેવદ્રવ્ય ખાનારા શ્રી મહાપ્રભુજીની દૃષ્ટિમાં મહાપાપી છે.

☞......અને આપણાથી ભૂલથી થઈ ગયેલા અપકૃત્યોની આજનાં સુપ્રભાતે પ્રભુ પાસે ક્ષમા માંગીને નવા વર્ષમાં શુભાચરણનો સંકલ્પ કરીએ.

- શેષભગવદ્ઈચ્છા

સંકલન કર્તા : શ્રી વલ્લભ વિઠ્ઠલ સિદ્ધાંત જીજ્ઞાસુ મંડળના અનેક વૈષ્ણવો.